R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ ચંદ્રકાન્ત નંદુ ❋ સંજય છેડા

VOL.65 ISSUE NO. 5 - AUGUST 2022 - 60 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
**Gada & Haria Pvt Ltd**
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

ઑગસ્ટ ૨૦૨૨


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| દર્પણ જૂઠ ના બોલે | ચંદ્રકાન્ત નંદુ............................. | ૫ |
| પગ મેં ભમરી............................................ માટુંગા બોર્ડિંગની ચૂંટણીઃ નિરાળું વિશ્લેષણ | લીલાધર માણેક ગડા .................. | ૧૧ |
| રાતો ધુનો................................................... | ડૉ. ગિરીશ વીછીવોરા ................. | ૧૫ |
| પાછા ફરવું.................................................. | ડૉ. ગુલાબ દેઢિયા....................... | ૨૦ |
| રાષ્ટ્રપતિ ભવનની અધધ જાહોજલાલી ‘ભાગ-૨’ | પ્રવીણચંદ્ર શાહ........................... | ૨૩ |
| ફૅશન......................................................... | સંજય વિસનજી છેડા ................... | ૨૭ |
| અનોખું કાઠગોલા.......................................... | જ્યોતિ મોતા............................. | ૩૨ |
| નવકાર મંત્રઃ દિવ્યલોકની ચાવી ...................... | ભાવાનુવાદ : લાલ રાંભિયા.......... | ૩૮ |
| સ્વાસ્થ્ય અને પરિવાર..................................... | શિલ્પા સમીર વોરા...................... | ૪૦ |
| સાહિત્ય અમૃત ............................................ | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૪૨ |
| કોલાહલ...................................................... | રાજુલ પિયુષ દેઢિયા.................... | ૪૫ |
| પગદંડીને પત્ર | | |
| સમાજનું ભવિષ્ય.................................... | નયન હરેશ નિસર....................... | ૪૬ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| અભિવાદન............................................ | સરલા હસમુખ દેઢિયા.................. | ૪૭ |
| ઉર્મિલલહર................................................. | સંપાદન : વિશન નાગડા.............. | ૪૮ |
| શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - સ્ત્રીઉત્કર્ષ યોજના.... | ................................................ | ૫૨ |
| સાંત્વન....................................................... | ................................................ | ૫૭ |



**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**



Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

“આજે લગ્નમાં શું જમવાનું હશે ?”
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
**ગાલા કેટરર્સ** નો ટેગ જોયે
“જે હશે બધુ ભાવતું જ હશે !”

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં
થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
**ડેસ્ટીનેશન વેડિંગ**
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે
હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી
રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી,
વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

**કાર્પોરેટર સેમીનાર,**
**એકઝીબીશન માટે**
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને
કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ
Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spec.com

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા :
9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in
Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## દર્પણ જૂઠ ના બોલે

એ ક્યારેય અસત્ય નથી બોલતું. એ સત્ય, સત્ય અને કેવળ સત્ય જ કહે છે. એ દર્પણ છે. તમારો ચહેરો તમે જોઈ લો દર્પણમાં. તમે આનંદિત છો, વ્યગ્ર છો, વિહ્વળ છો, ક્રોધિત છો, શાંત છો, કંટાળેલા છો, તમારી ભિન્ન-ભિન્ન સ્થિતિમાં, જુદાજુદા સમયે દર્પણમાં તમારો ચહેરો જોઈ લો. દર્પણ તમારી સ્થિતિનો સાચો પરિચય આપશે. એ કોઈની શેહમાં નથી આવતું, ન એને કશો સંકોચ છે, ન ડર, ન કોઈના પ્રભાવ હેઠળ આવે છે, ન ક્યારેય કોઈથી આકર્ષિત થાય છે. તમે ચહેરાને શૃંગારિત કરી લો અને કૃત્રિમ ભાવો ધારણ કરી ઊભા રહો દર્પણ સામે. એ તમને તમારાં આબેહૂબ દર્શન કરાવશે અને પછી તમે દર્પણને ઓળખવાનો પ્રયત્ન કરજો. તમારી ભીતર, તમારી સમક્ષ, તમારી અવગણના કરતું, ઉપહાસભરી દૃષ્ટિ સાથે ઠપકો આપતું એ મરકમરક મરકતું જણાશે. એ દર્પણ છે. તમે હજાર યુક્તિ-પ્રયુક્તિઓ કરો. તમામ ગુંચો ઉકેલીને દર્પણ તમારો સુરેખ-સ્પષ્ટ ચહેરો છતો કરશે. એ દર્પણ છે.

દર્પણ કશોય ભેદભાવ નથી રાખતું. વ્યક્તિ હોય, સમૂહ કે સમુદાય હોય, સંસ્થા હોય કે સમાજ, દર્પણ દરેકને યથાતથ સૌની સમક્ષ હાજર કરે છે. દર્પણ પારદર્શિતાનો પર્યાય છે.

આપણે સમાજની વાત કરીએ. સમાજ સ્તરે થતા વ્યવહારો, વર્તણૂક, અભિગમો સમાજનો ચહેરો છતો કરે છે. સમાજના ચહેરા પર અંકિત થયેલી રેખાઓમાં એનો ઇતિહાસ ધરબાયેલો હોય છે. એ ચહેરા પરનાં આવરણો અને અંકિત થયેલી રેખાઓ ઉકેલતાં ક્યારેક ગૌરવથી મસ્તક ઉન્મત્ત થાય છે તો ક્યારેક શરમથી ઝૂકી જવાય છે. આ બધાની વચ્ચે સમાજની સાંપ્રત સ્થિતિનો તાગ કાઢવાની મથામણ કરતાં, પ્રવાહ કઈ તરફ જઈ રહ્યો છે, એનાં વહેણ અવળી દિશામાં તો ફંટાઈ નથી રહ્યાં, વહેણને રોકવાની, એની દિશાને બદલવાની તો જરૂરત નથી ને ! આ પ્રશ્નો સમાજના વિચારવંતો સમક્ષ ઉપસ્થિત થાય છે. આ વિચારવંતોની સક્રિયતા અને એમનો સકારાત્મક અભિગમ સમાજની આવતી કાલના સ્વરૂપનું નિર્માણ કરનાર પરિબળ નીવડશે.

આ અંગે વધુ આગળ વધીએ એ પહેલાં શ્રી મહેન્દ્ર મેઘાણીએ પ્રતિપાદિત કરેલ એક વિચારતંતુને–એક તથ્યને માર્ગદર્શક તરીકે પ્રસ્થાપિત કરશું તો સમાજહિતનાં મૂલ્યોનું જતન કરનાર ગણાશે.

શ્રી મહેન્દ્ર મેઘાણી કહે છે, ''આપણી પ્રજાનાં અનેક અનિષ્ટોનું મૂળ કદાચ વિચારશૂન્યતામાં જડશે.'' વૈચારિક જાગૃતિ કે વૈચારિક સક્ષમતાની પ્રબળતા જ એક જાગૃત સમાજની સાચી ઓળખ હોય છે. સમાજની વૈચારિક જાગૃતિ જ સમાજના અવળા પ્રવાહોને રોકવાની અને અનિષ્ટ વિચારોથી ઉદ્ભવતા પ્રભાવોને અવરોધવાની સજ્જતા કેળવી શકશે.

આટલી પૃષ્ઠભૂમિકાને ધ્યાનમાં લેતાં છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાનની ઘટનાઓ, કાર્યો, કાર્યપ્રણાલીઓ, પ્રતિષ્ઠાનો, ઉજવણીઓનું પરીક્ષણાર્થે વિચ્છેદન કરશું તો સમાજનો ચહેરો આપણી સમક્ષ સ્પષ્ટ સ્વરૂપે પ્રકટ થશે અને આગળના પંથનું દિશાસૂચન કરનારું હશે.

આપણે સતત જોઈ રહ્યાં છીએ અને અનુભવીએ છીએ કે સમાજમાં ધાર્મિક અનુષ્ઠાનો, ધાર્મિક ક્રિયાઓ, ઉજવણીઓનું પ્રમાણ વિશેષ રહ્યું છે અને વધતું રહ્યું છે. આ અનુષ્ઠાનો અને ઉજવણીઓ અર્થેના આર્થિક વિનીયોગમાં કદાચ પ્રમાણભાન નથી રહ્યું. ક્યારેક એવું લાગે છે કે ધર્મભાવના કરતાં વધુ સંપત્તિનું પ્રદર્શન અને આવાં અનુષ્ઠાનોના ઓઠા હેઠળ પ્રતિષ્ઠા-પ્રાપ્તિનો ઉદ્દેશ બળવત્તર છે. આ અંગે આપણા ધર્મગુરુઓની સમાજને યોગ્ય દોરવણીનો અભાવ અને સમાજના મોભીઓ અને વિચારકોનું મૌન સંમત્તિસૂચક અને સમર્થક નીવડી રહ્યું છે. આપણા ગ્રંથોમાં અખૂટ જ્ઞાન સંચિત થયેલ છે. આ ગ્રંથોનાં અધ્યયન, પરિશીલન અને એ અંગેના વિચારવિમર્શ (વિવાદ નહીં)ના પરિપાક રૂપે નિષ્પન્ન થતી સાચી સમજ અને એના પ્રસાર માટે કદાચ નહીંવત્ કાર્ય થઈ રહ્યું છે.

છેલ્લાં ઘણાં વર્ષોથી થતા પહેડીઓના આયોજનોમાં કુળદેવીઓ પ્રત્યેની આસ્થા સાથે સંપત્તિનું પ્રદર્શન, વેડફાટ અને પ્રસિદ્ધિ માટેની આંતરિક ઈચ્છા અને અપેક્ષા આપણી ખબર પત્રિકાનાં પૃષ્ઠોનો શણગાર થઈ આપણી સવારે બારણે ટકોરા આપતી રહે છે.

સમાજની ઘણીબધી સેવાસંસ્થાઓ, આપણાં મહાજનો, મંડળો ઇત્યાદિ શૈક્ષણિક અને તબીબી ક્ષેત્રે સક્રિય છે અને સેવાનું ઉમદા કાર્ય કરી રહેલ છે, પરંતુ કેટલાક અપવાદો સિવાય આ તમામ સંસ્થાઓનું સેવાકાર્ય સંબંધિતોને આર્થિક સહાય પૂરતું જ સીમિત રહેવા પામ્યું હોવાનું

જણાય છે અને આ ક્ષેત્રનું વરવું પાસું પણ અછતું તો નથી જ. ખાસ તો કોરોનાકાળ દરમિયાન પીડિતોની લાચાર અને અસહાય સ્થિતિનો ગેરલાભ લેવાનું અમાનવીય કૃત્ય કેટલાક તબીબો અને સંબંધિતો ચૂક્યા નથી. શૈક્ષણિક સ્તરે પણ નિમણૂકો અને વિદ્યામંદિરોમાં પ્રવેશ જેવા કાર્યસ્તરે ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની ફરિયાદો પૂર્ણપણે તથ્યવિહીન નથી જ. મોટે ભાગે આ અનિચ્છનીય કાર્યો વ્યક્તિગત સ્તરે જ થતાં હોવાની શક્યતા છે, પરંતુ સમાજના ચહેરાને તો કલંકિત કરે જ છે. આવાં તત્ત્વોની પૂર્ણપણે નાબૂદી તો કદાચ શક્ય ન હોય પરંતુ એમને અંકુશિત કરવાની યંત્રણાઓ તો ઊભી કરવી જ પડે.

સમાજના ચહેરાને ઓળખવાની કોશિશ કરતી આપણી ખબરપત્રિકાનો ઉલ્લેખ ન કરીએ તો આપણી મથામણ વ્યર્થ જ ગણાય. આપણી આ ખબરપત્રિકાનું સમાજજીવનમાં જેટલું મહત્ત્વ અને ઉપયોગિતા  છે એટલો જ એનો ઇતિહાસ રોમાંચક છે. સમગ્ર સમાજને સાંકળી લેતી અને સમાજની દરેક વ્યક્તિ સુધી રોજેરોજ અગત્યની માહિતી પહોંચાડતી આ અજોડ વ્યવસ્થા અન્યત્ર ક્યાંય અસ્તિત્વમાં હોય એવું જણાતું નથી, પરંતુ દરેક સારી વસ્તુનો ગેરઉપયોગ અને આવા ગેરઉપયોગની અનિષ્ટ અસર હોવાની જ. આપણી આ અનોખી વ્યવસ્થાનો પ્રસિદ્ધિ અર્થે થતો ગેરઉપયોગ સમાજમાં સસ્તી પ્રસિદ્ધિ માટે વધતી જતી ગેલછાને બહેકાવવાનું કામ કરી રહેલ છે. આ પ્રસિદ્ધિ માટેનું ગાંડપણ અન્ય સમાજો સમક્ષ આપણા સમાજની ગરિમાને ઝાંખપ પહોંચાડે છે અને સમાજની પ્રતિભા ખરડાય છે. આ પ્રકારની પ્રસિદ્ધિ-પરસ્ત માનસિકતા દૃઢ થતાં લાંબે ગાળે સમાજમાં કાર્ય-નિષ્ઠા હાંસિયામા ધકેલાઈ જાય છે. આને કારણે દરેક સ્તરે સમાજના કાર્યોમાં ગુણવત્તાનું ધોરણ નિમ્ન કક્ષાએ જવાની સંભવિતતાને નકારી ન શકાય. વહીવટકર્તાઓએ આ અંગે જાગૃત થઈ ઉચિત માપદંડો પ્રસ્થાપિત કરવા જોઈએ.

છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન આવી કેટલીય ઘટનાઓ અને પ્રણાલીઓનું અન્વેષણ અને વિશ્લેષણ સમાજના ચહેરાની યોગ્ય પરખ કરાવે છે. હાલ તો સમાજની સંસ્થાઓ અને સમૂહોમાં થયેલી ચૂંટણીઓ અને એનાં પરિણામો તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી જણાય છે. આ ચૂંટણીઓએ સમાજની ઘડાઈ રહેલી માનસિકતાની સાચી પરખ કરાવવાની ભૂમિકા ઊભી કરી છે. એ ભૂમિકાને સમજી લઈએ.

આપણી સામાજિક સંસ્થાઓએ ચૂંટણીઓ અને વહીવટ માટે લોકશાહી પદ્ધતિ અપનાવી છે, જેમાં બે કે ત્રણ અથવા પાંચ વર્ષ માટે કાર્યવાહકોની પસંદગી લોકશાહી પ્રક્રિયા પ્રમાણે સંસ્થાના સભ્યો દ્વારા મતદાનથી કરવામાં આવે છે. આપણે જોયું છે કે નિયત કરેલી સંખ્યામાં

મતદાતાઓએ મત આપી કાર્યવાહકોની ચૂંટણી કરવાની રહે છે. મત આપવા માટે નિયત કરાયેલી સંખ્યા પાંચ, દશ, વીસથી ચાળીશ જેટલી થવા જાય છે. દરેક મતદારે આટલી મોટી સંખ્યામાં ઉમેદવારોને ઓળખી મતદાન કરવું કપરું બનતું હોય છે અને એથી મતદાતાઓ પ્રચાર માધ્યમોથી અપાતી માહિતી અને સાચી-ખોટી દોરવણીને અનુસરી મતદાન કરતા હોય છે. મતદાતાએ નિયત કરેલી ચોક્કસ સંખ્યામાં જ મતદાન કરવું જરૂરી હોય છે. અન્યથા અપાયેલ મત અમાન્ય ગણાય છે. મતદાન માટેની આ પ્રકારની જોગવાઈઓ જ અનિષ્ટકારી પૅનલ-પ્રથાની જન્મદાત્રી થયેલ છે. પૅનલ-પ્રથા અંગેની વિસ્તૃત માહિતીઆ અંકમાં અન્યત્ર આપવામાં આવી છે.

આપણે મોટા ભાગની સંસ્થાઓ અને ખાસ તો માટુંગા બોર્ડિંગની ચૂંટણીમાં જોયું છે કે બે પૅનલોમાં વહેંચાયેલા ઉમેદવારો જાણે એકબીજા સામે જંગે ચડ્યા હોય. દરેક પૅનલના સમર્થકો દ્વારા પૅનલના પ્રચાર - પ્રસાર દરમ્યાન આપણે જે જોયું અને અનુભવ્યું એ અત્યંત ખેદજનક છે. આ સમર્થકો વિવેક ચૂક્યા, પ્રમાણભાન ખોયું, ચારિત્ર્યહનનના બનાવો બન્યા, અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી, જે થયું એ કોઈ પણ સભ્ય, સંસ્કારી પ્રજાને છાજે એવું ન હતું. અન્ય સમાજો સામે નીચાજોણું થયું.

એક અન્ય હકીકત પણ આ ચૂંટણીપ્રચાર દરમ્યાન ધ્યાનાર્હ રહી. રાજા-મહારાજાઓના કાળ દરમ્યાન ભાટ-ચારણો રાજાઓની પ્રશસ્તિ એમની છટાદાર વાક્છટા અને શૈલીમાં કરતા. આ કલાને જીવંત રાખતી શૈલીનાં દર્શન આ ચૂંટણીના પ્રચારકોએ ફરીથી કરાવ્યાં. આ કલા-પુરસ્કર્તાઓની, વિલય પામતી કલાને જીવંત રાખવાની ખેવના ખરેખર અભિનંદનીય છે!

સંસ્થાકીય ચૂંટણીઓમાં એક અન્ય પ્રવાહ બળવત્તર થતો જણાય છે અને એ છે વ્યક્તિપૂજા. એવું સ્પષ્ટ વરતાઈ રહ્યું છે કે મતદારોએ સંસ્થાને સ્થાને વ્યક્તિને અગ્રસ્થાને સ્થાપિત કરેલ છે. આ મોટું ભયસ્થાન છે. લાંબે ગાળે આ પ્રકારની વ્યક્તિ-પરાયણતા સમાજ માટે હિતાવહ ન ગણાય.

એક અન્ય વાત. ભૌતિકતાવાદી માનસિકતાના ભરડામાં ભીંસાઈ રહેલ સમાજના કેટલાક ધનપતિઓ સંપત્તિની અહમ્‌જન્ય રુગ્ણતાના ભોગ બન્યા છે. કુદરતનો એક વણલખ્યો નિયમ છે. પોતાની જરૂરિયાતથી વિશેષ સંપત્તિના તમે સ્વામી નહીં, કેવળ રખેવાળ છો. વધારાની એ

સંપત્તિ તો સમાજને ચૂકવવાનું ઋણ છે. આ સંપત્તિનો નીજ સ્વાર્થ અર્થે અને એના કેફમાં આવી કરાતો વેડફાટ શું ક્ષમ્ય હોઈ શકે ?

મતદારોને એમના નિર્ણયના અમલીકરણના તબક્કે દોરી જનાર મુદ્દાઓ અને મતદાનની તરાહમાંથી દર્શિત થતી મતદારોની માનસિકતાનો વિચાર કરશું તો સમાજના ચહેરાને ઓળખવાની આપણી મથામણ વધુ સ્પષ્ટતા મેળવશે.

માટુંગા બોર્ડિંગના મતદાનની તરાહને જોતાં એને ત્રણ પ્રકારોમાં વિભાજિત કરી શકાયઃ

૧) પહેલા પ્રકારના મતદારોએ મતદાન પૂર્વે ઉમેદવારને ઓળખવાની સ્વકીય વિચારશક્તિનો આધાર ન લેતાં કેવળ પ્રચાર દરમિયાન એમને જે દોરવણી અપાઈ છે એની પ્રભાવકતાને આધારે, વ્યક્તિગત ઉમેદવારોની યોગ્યતાની કશીય ચકાસણી ન કરતાં એક સંપૂર્ણ પૅનલની તરફેણમાં મતદાન કરેલ છે. આ મતદારો મુખ્યત્વે ગાડરિયા પ્રવાહમાં ચાલનાર મતદારો છે. સામાન્યતઃ આ મતદારોનું પ્રમાણ વિશેષ હોય છે.

૨) બીજા પ્રકારના મતદારો એ છે જે વર્તમાન અધિકારીઓ અને વહીવટકર્તાઓના વ્યવહારને કારણે અન્યાય થયાનું માની રહ્યા છે અને આ અંગે એમની ફરિયાદો અને મંતવ્યોની સતત ઉપેક્ષા કરવામાં આવી હોય એ તમામે વર્તમાન ઉમેદવારોની પૅનલ વિરુદ્ધ મત આપ્યા હોય. આ મતો અન્યાય અને ઉપેક્ષાની લાગણીના અનુભવથી ઉદ્‌ભવ પામતા આક્રોશને કારણે અપાયેલ હોય છે. આ મતદાતાઓએ પણ ઉમેદવારોની યોગ્યતાની વિચારણા કર્યા વિના જ મતદાન કરેલ હોય છે. આવા મતદારોનું પ્રમાણ સંસ્થાના વહીવટ અને એની સેવાઓના સ્તર પર આધારિત હોય છે.

૩) ત્રીજા પ્રકારના મતદાતાઓ એ છે જેઓએ એમની પરિપક્વતા અને વિચારશીલતાને આધારે ઉમેદવારોની યોગ્યતાને ચકાસી હોય અને એને આધારે મતદાન કર્યું હોય. આવા વિચારવંત મતદારોનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. સમાજનું જે ચિત્ર દર્પણમાં દેખાયું એનું તારણ કાઢતાં મન ખિન્નતા અનુભવી રહ્યું છે, ચિંતિત છે અને ચિંતાનું કારણ છે. સમાજના એક મોટા વર્ગમાં વિચારશીલતાનો અભાવ વરતાઈ રહ્યો છે, અથવા તો આ વર્ગમાંના ઘણાએ વૈચારિક પ્રક્રિયા આધારિત નિર્ણયાત્મકતાના ઉચિત વિનીયોગ માટે પ્રમાદ સેવી રહ્યા છે. પ્રશ્ન એ છે કે જ્યારે સમાજમાં શિક્ષણનો ગ્રાફ ઊંચે જઈ રહ્યો છે ત્યારે આ વિચારશૂન્યતા કેમ ?

ખેર, સમાજની સારી-નરસી બાજુઓને દર્પણે દાખવી છે ત્યારે સમાજમાં વૈચારિક જાગૃતિ, આવે એવી કામના.

હાલ તો સંસ્થાઓની ચૂંટણીઓ પૂર્ણ થયેલ છે અને અધિકારીઓ અને કાર્યવાહકોએ ધુરા સંભાળી લીધી છે ત્યારે સુચારુ વહીવટ અપેક્ષિત છે. ખાસ તો માટુંગા બોર્ડિંગ જેવા વિદ્યામંદિરમાં વિદ્યાદાતા, આચાર્યો અને ગુરુજનો સૌના આદરપાત્ર રહે અને વહીવટ ગુરુજનોની આમન્યા જાળવે તેમજ વહીવટને વિદ્યાના ક્ષેત્રથી વેગળા રાખી એમાં હસ્તક્ષેપ કરવાથી દૂર રહે તો ભવિષ્યમાં ઉત્તમ નાગરિકો એવા વિદ્યાર્થીઓથી સમાજ ઓપી ઊઠશે.

સમાજ પાસે કુશળ યુવાધન છે, અનુભવથી ઘડાયેલી પીઢ પેઢીનું ડહાપણ છે, યુવાધન શિક્ષિત છે, ખંત અને ખમીર એને વારસામાં મળેલ છે ત્યારે સમાજ ઉત્થાનનાં નવાં શિખરોને પદક્રાંત કરે એવી આશા.

દર્પણ તો સત્ય જ કહેશે.

- ચંદ્રકાન્ત નંદુ - બાડા
ફોનઃ ૯૩૨૩૫૪૧૩૫૧

---


# મુલચંદ લાલજી એન્ડ કાં.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

લીલાધર માણેક ગડા-અધા

# માટુંગા બોર્ડિંગની ચૂંટણી: નિરાળું વિશ્લેષણ

માટુંગા બોર્ડિંગની ૧૨મી જૂનની ચૂંટણી અગાઉ આક્રમક પ્રચારને કારણે સર્જાયેલા માહોલથી વ્યથિત થઈ માટુંગા બોર્ડિંગના ચાર વિદ્યાર્થી, સંવેદનશીલ કવિ ભાઈ ગુલાબ દેઢિયાએ પોતાની પીડાને આ શબ્દોમાં વ્યક્ત કરી હતી :

ચૂંટણીમેં ચૂંટેજી ગાલ વી,
ન કોયકે ચૂંથેજી ગાલ વી,
ભાવરેં કે ભેરા કરેજી ગાલ વી,
ન એની કે છેરા દેનેજી ગાલ વી,
ભાએંલા કમ કરેજી ગાલ વી,
ન કેંકે ધમ દેનેજી ગાલ વી.

ભાઈ ગુલાબ જેવું ઘણાં ભાઈબહેનોએ ભીતરે અનુભવ્યું હશે. એમના શબ્દેશબ્દે નીતરતી પીડાનો અહેસાસ પણ થયો હશે. ચૂંટણીની ભરપેટ મોજ લેતા ભાઈને ગુલાબની કવિતા સંભળાવી અને જવાબમાં એમણે મને જણાવ્યું **''Everything is fair in love, war and now in Election.''** આ મનોદશા ચૂંટણી સાથે સંકળાયેલા ઉમેદવારો, પ્રચારકો, કાર્યકરો અને મોવડીઓની હોય તો એક કવિની ઉક્તિ થોડા ફેરફારો સાથે રજૂ કરીશ ''એ સમાજની સૌ દયા ખાજો જ્યાં આવા વિચારો પાંગરે છે.''

ઘડીભર આપણે માનીએ કે આ ચૂંટણી પૅનલ પદ્ધતિથી ન લડાઈ હોત તો... પ્રચારમાં આટલું ઝનૂન કે રઘવાટ ન હોત, આક્ષેપબાજી ન થાત, કોઈ વ્યક્તિનાં ચરિત્રહનનની કુચેષ્ટા ન થાત, પ્રચાર-પ્રસાર અને ગોઠવણોમાં સંપત્તિનો અમર્યાદિત વ્યય ન થાત, પ્રચારમાં ગામનાં મહાજનો કે જુદીજુદી સંસ્થાઓને ઝંપલાવવાની જરૂરત ન પડત, આર્થિક અને અન્ય પ્રલોભનો અપાયા ન હોત, વાતાવરણમાં વૈમનસ્ય કે કલુષિતતા છવાઈ ન હોત... ઘણુંબધું ન થયું હોત જે બન્નો પક્ષે થયું છે, આચરવામાં આવ્યું છે.

પૅનલ પદ્ધતિથી જીતના કારણે ફાયદાઓ ગણાવવામાં આવે ત્યારે એમ કહેવાય છે કે નિષ્ક્રિય બોડીને હઠાવવામાં આવે છે અને એક જ વિચારસરણી ધરાવતું ગ્રુપ સત્તા પર આવે છે જેનાથી સંસ્થાના વહીવટમાં સરળતા રહે છે. સંસ્થા ગતીશીલ બને છે. સંસ્થાની પ્રગતિ માટે નવાં આયોજનોનું અમલીકરણ સરળ બને છે.

ચૂંટણીઓમાં પૅનલ પદ્ધતિ આવી ત્યારથી આજ સુધીનો લગભગ છથી સાત દાયકાનો સમાજનો ઈતિહાસ અને અનુભવો જુદું જ કહે છે. એક જ જુથનાં હાથમાં અમર્યાદિત સત્તા આવે છે, જે સમયાંતરે નિરંકુશતા અને એકહથ્થુતા ઊભી કરે છે, અંગ્રેજીમાં એક મુહાવરો છેઃ "**Power corrupts and absolute power corrupts absolutely**", અહીં **Corruption** શબ્દનો **Fund** અને **Finance** સાથે જોડવાને બદલે **Mind** અને **Behaviour** સાથે જોડશો તો મારું કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ થઈ જશે.

મેં ગઈ સદીના છઠ્ઠા-સાતમા દાયકાથી સામાજિક ક્ષેત્રે પદાર્પણ કર્યું છે. સામાજિક સંસ્થાઓની ગતિવિધિઓથી વાકેફ થયો એ જ અરસામાં આપણા સમાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં પૅનલ પદ્ધતિ શરૂ થઈ. લોકપ્રીય, સંનિષ્ઠ, કર્મઠ કાર્યકર શ્રી ખીમજી હેમરાજ છેડાને હરાવવા સમાજના વગદાર મોભીએ પૅનલ પદ્ધતિનો ઉપયોગ કર્યો. મોભીની પૅનલ ચૂંટણી જીતી ગઈ અને વાઘે લોહી ચાખ્યું. એમણે ત્યાર પછી આ પદ્ધતિનો ઉપયોગ કરી સમાજની લગભગ બધી સંસ્થાઓ કબજે કરી. પૅનલથી મળેલી અબાધિત સત્તાઓનો એમના સાથીઓએ દુરુપયોગ કર્યો. અમુક સંસ્થાના બંધારણ સાથે છેડછાડ થઈ. એક સંસ્થાના લબ્ધપ્રતિષ્ઠિત સૉલિસીટર્સની સલાહને અવગણી સમાંતર બંધારણીય વ્યવસ્થા ઊભી થઈ જેથી એ ગ્રુપને સત્તા પરથી દૂર કરી શકાય નહીં. ગઈ સદીના આઠમા દાયકામાં દેરાવાસી મહાજનની સત્તા પૅનલ પદ્ધતિથી જૂથનાં હાથમાં આવી. એમણે યેનકેન પ્રકારેણ બે કે ત્રણ સત્ર સુધી નવી ચૂંટણીઓ કરી નહીં અને એ માટે સામાન્ય સમજને અસ્વીકાર્ય એવા વાહીયાત ઠરાવો પસાર કર્યા હતા, કારણકે એમની પાસે પૅનલ પદ્ધતિથી મેળવેલી બહુમતી હતી. આની સાથે થોડાક શાણા માણસોએ મારેચો માંડ્યો. સંસ્થાની રેક્વિઝેશન સભા બોલાવવામાં આવી. આ સભા માટેના માગણીપત્રકમાં સહી કરનાર લેખક પણ હતા અને એનું નેતૃત્વ લેનારાઓમાં સામેલ હતા. આદરણીય શ્રી વીશનજી લખમસીએ દરમિયાનગીરી કરી. બંધારણીય ગૂંચ ઉકેલવા નવું બંધારણ ઘડાયું અને વીસ વર્ષ પછી દેરાવાસી મહાજનની ચૂંટણીઓ સંપન્ન થઈ. સંસ્થા અઢી દાયકા પાછળ ધકેલાઈ ગઈ.

વિલેપાર્લેની આપણી કન્યાકેળવણી સંસ્થામાં સત્તાધીશ પક્ષને કદાચ સત્તાપલટાની ગંધ આવી હશે. ખુરસી સલામત રાખવા રાતોરાત સભ્ય ફી રૂા. ૨૧૦૦૦/- (અધધ એક વીસ હજાર) કરી. આ ઠરાવ સામે કદાચ કારોભારીનાં કોઈ સભ્યે વિરોધ નહીં કર્યો હોય. ત્યારે કોઈને એવો ખ્યાલ નહીં આવ્યો હોય કે ક્યારેક સમાજનો અવલ્લ દરજ્જાનો કેળવણીકાર સંસ્થાને યોગદાન આપવાથી વંચિત રહી જશે. કચ્છમાં કાર્યશીલ એક સંસ્થાની ચૂંટણી લગભગ આઠમા દાયકામાં પૅનલ પદ્ધતિથી લડાઈ હતી. વીજયી પૅનલે

ત્યાર પછી ગોઠવણપૂર્વક ચૂંટણીઓ કરી છે અને છેલ્લા ત્રણેક દાયકાથી એની ચૂંટણીઓ થઈ હોવાનું જાણમાં નથી. આ સંસ્થાની મૌજૂદા હાલતથી સમાજ વાકેફ છે.

માટુંગા બોર્ડિંગની તાજેતરની ચૂંટણીઓથી બેદખલ થયેલા જૂથે પણ આવી જ કાર્યવાહી કરી છે. શિશુવનને અવલ્લ દરજ્જા સુધી લઈ જવામાં શ્રી પ્રેમજી રાંભિયાનો સિંહફાળો છે. પૅનલ પદ્ધતિથી ચૂંટાયેલી વ્યક્તિને પદ આપવા માટે અયોગ્ય ગોઠવણ થઈ જેનાથી નારાજ થઈ પ્રેમજીભાઈએ રાજીનામું આપ્યું. કોઈ પણ સભ્યે આ વ્યવસ્થાનો વિરોધ કર્યો નહીં. એક કર્મશીલ વ્યક્તિનાં જવાથી સંસ્થાએ શું ખોયું ? ત્યાર પછી શિશુવનનો ગ્રાફ નીચે ઊતર્યો પરિણામો સૌની સામે છે.

પૅનલ પદ્ધતિથી ચૂંટાયેલા શાસનને કારણે સંસ્થાઓની પ્રગતિમાં મસમોટો ફેરફાર આવ્યો હોય એવાં ઉદાહરણો જ્વલ્લેજ હશે જ્યારે નુકસાન આંખો દેખ્યો છે. તેથી હું પૅનલ પદ્ધતિથી ચૂંટણી લડાય એનો સતત વિરોધ કરું છું, હું નમ્રભાવે રજુઆત કરું છું કે ગઈ સદીના સાતમા-આઠમા દાયકા દરમ્યાન માટુંગા બોર્ડિંગ અને ડુમરા-ગોધરા છાત્રાલયની ચૂંટણીઓમાં પૅનલો સામે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણીઓ લડી હું વીજયી નીવડ્યો હતો.

અહીં હું એકાદ-બે નુક્તેચીની કરવા ઈચ્છું છું જેનો ઉદ્દેશ મારા વિચારો રજૂ કરવાનો છે, કોઈની લાગણી દુ:ભાવવાનો નથી. આપણે આપેલાં અનુદાનો કે કરેલાં ભલાઈનાં કામોની ઋણઅદાયગીની અપેક્ષા કે આડકતરી માગણીથી અનુદાનની ગરિમાને ઘસરકો પડે છે અને સત્કાર્યોની ઉજળિયાત ઝંખવાઈ જાય છે.

આપણે મહાજન છીએ. મહાજનની વિચારસરણી અને એના પાયામાં નિષ્પક્ષતા, નમ્રતા અને કરકસરના સિદ્ધાંતો છે. એને કોરાણે મૂકી એકપક્ષી જાહેરાતોમાં પૈસા ખરચવાથી નિષ્પક્ષતા અને કરકસરનાં સિધ્ધાંતો ચૂકી જવાય છે અને નમ્રતાનો મને કડવો અનુભવ થઈ ચૂક્યો છે.

માટુંગા બોર્ડિંગની ચૂંટણીમાં વીજયી બનેલા પક્ષ પાસે બંધારણમાં સુધારા કરવા માટે જરૂરી કરતાં વધારે બહુમતી છે. એમની પાસે અપેક્ષા રાખું છું કે બંધારણમાં સુધારો કરી ચૂંટણીઓમાં પૅનલો બનાવવા પર બંધી ફરમાવે. સુજ્ઞ મતદારોને સુયોગ્ય ઉમેદવારો ચૂંટવાની તક આપે. મળેલી બહુમતીનો ઉપયોગ હિતલક્ષી કાર્યો અને બેજોડ, અનોખી પ્રવૃત્તિઓ માટે કરવામાં આવે, જેથી આગામી ચૂંટણી આવે ત્યારે મતદારો પાસે જવા ઊજળાં કાર્યોનાં સરવૈયાં સિવાય અન્ય કોઈ વિકલ્પો શોધવાની જરૂરત ન રહે.

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# રાતો ધુનો

ડૉ. ગિરીશ વીછીવોરા

શ્રાવણ-ભાદરવો. જ્યારે વરસાદ પોરો ખાતો હોય યા ઝરમર વરસતો હોય ત્યારે રવિવારે બહુધા વનશ્રીમાં વિચરવાનું થાય. શૈશવના એ દિવસો. આજથી પંચોતેર વર્ષ પહેલાં ગામડાં પ્રકૃતિને ખોળે રમતા હતા. અત્યારનાં ગામડાંમાં જેટલી સુવિધા મળી રહે છે એવું બધું કલ્પનાતીત હતું. માનવી પ્રકૃતિની ગોદમાં જરૂર હતો. પ્રકૃતિના નિયમોને આધીન હતો. એવા નિયમોનું બહુમાન પણ કરતો.

વરસાદ પડ્યો કે થોડા જ સમયમાં જંગલમાં બધું સળવળી ઊઠે. જ્યાં બધું સૂકુંભઠ્ઠ ને શુષ્ક દેખાતું હોય ત્યાં બધું હીરવાગાર બની. તમારું સ્વાગત કરવા ઊભું રહે. સહેજે રવિવારે નિશાળમાં રજા હોય. અમારી ટોળકીમાં બહુધા નિર્ણય શનિવારે જ લેવાઈ જાય કે રવિવારે કઈ દિશા સર કરવી છે. કોટડા ગામથી કોઈ પણ દિશામાં બહાર પગ મૂક્યો કે ઘડીના છઠ્ઠા ભાગમાં જંગલ શરૂ થઈ જાય. જંગલ એટલે અહીંતહીં જંગલી ઝાડ યા છોડ એવું નંદનવન નહિ. ઘનઘોર, બિહામણું ને ડરામણું જંગલ જેમાં દેશી બાવળનાં ગંજાવર ઝાડ ને બે જણના બાહુઓમાં ન સમાય એવા એમના કાળા સીસમ જેવાં થડ જેમને વેલા વિંટળાઈ વળ્યા હોય, ખેર, ખાખરો બધા જંગી કાંઢેરા શુષ્ક નહિ, લીલાંછમ. એમના કાંટા એવા જ અણિયાળા ને એક ઝાડની પ્રદક્ષિણા કરતાં પાંચ મિનિટ લાગે. અહીંતહીં ફૂટી નીકળેલાં નાળાં કે ઝરા ને ઝરણાં વારિસભર ને તે પણ બહુધા ખળખળ વહેતું વારિ. સ્થિર નહિ.

તે રવિવારે ગામની પશ્ચિમે લગભગ છ કિલોમીટર દૂર આવેલ રાતા ધુનાના દર્શને જવાનું નક્કી થયેલું. તે મુજબ બધા ભેરું વહેલી સવારે શિરામણ કરી હાથમાં મજબૂત લાકડી લઈ ઉઘાડ પગા આવી પુગ્યા. એ જમાનામાં લોકો પગરખાં પહેરતા. બહુધા મોટા માણસો પહેરે. નાના છોકરાના ગામના જ મોચીએ બનાવેલા જોડા હોય, પણ જોડા પહરેવા એ કાયરતાની નિશાની તે જમાનામાં ગણાતી. બહારગામ મહેમાન બની જવાનું હોય યા અન્ય કોઈ અવસર હોય તો જ જોડા પહેરવાના. બહુધા ઉઘાડપગા રખડવાનું વધુ ફાવતું. કાંટા તો ઠીક, બાવળની લાંબી શૂળ પગ નીચે આવે તો એના ટુકડા થાય, પગને ઊની આંચ ન આવે. એમ કરતાં ક્યારેક શૂળ પગમાં ઘૂસી જાય તો બીજા ભેરુઓ તરત જ એને ખેંચી કાઢતા. કોઈને કંઈ વાગે, લોહી

નીકળે તો બધા વારાફરતી એના પર લઘુશંકા કરતા. ઘા ક્યારેય પાકતો નહિ. ડૉક્ટરી સારવાર બહુધા ઉપલબ્ધ ન હતી એવા એ જમાનામાં લોકો કોઠાસૂઝ પ્રમાણે આપમેળે જ ઘરગથ્થુ ઈલાજ કરતા. મોટા પાસેથી નાના શીખતા.

દડમજલ કરતા, વાડીઓ ને ખેતરો વટાવતા, લાકડી ઠપકારતા વચમાં આવતા નદીનાળાં કે ઝરણાંનાં વહેતાં પાણીની ઐસીતૈસી કરતો સૂર્ય જરાક ઉપર આવ્યો ત્યાં સુધીમાં તો અમે રાતા ધુના સન્મુખ થઈ ગયા હતા. જંગલી જાનવરમાં ચિત્તો ભાગ્યે જ દેખા દે. વરુ, શિયાળ, હરણ્યા જેવાં મબલખ. એ એમના રસ્તે, અમે અમારા રસ્તે. જંગલનો કાયદો અફર છે. પોતાની હેસિયતથી ઉપર જવું નહિ.

કોટડાથી ચીઆસર જવાના રસ્તે લગભગ મધ્યાંતરે રાતો ધુનો આવે. વહેતી વાર હારોહાર દક્ષિણે ટેકરીઓની હાર પણ ચાલતી રહે. ઉત્તરે ખેતરો લીલાછમ મલકતા મૉલથી લથબથ થતા સોહાળણાં દીસે. રાતા ધુનાની આજુબાજુની વનશ્રી માટે 'બિહામણી' શબ્દ વધુ યોગ્ય રહેશે. દક્ષિણની સાવ ઢૂકળી ટેકરીઓ પર પડેલા વરસાદના પાણીથી આવા કંઈકેટલાય વહેળા વહેતા થાય. રાતા ધુનાનું મહત્ત્વ એટલા માટે હતું કે એ જરા મોટો ને પહોળો હતો ને રસ્તાની ઉત્તરે જરાક જ દૂર એના પર પાળી બાંધી Cause-Way જેવું કરેલું. ઉપરથી પાણી ખાબકે. નીચે ખાડામાં પડે. જોરથી પડતા પાણીના દબાણથી ખાડો ઊંડો પણ થતો જાય. પાણી વહેતું આગળ વહ્યું જાય. વહેણ અટકે ત્યારે ખાડો-ધુનો- છલોછલ ભરલો હોય એ પાણી આજુબાજુનાં ખેતરોમાં કામ કરતા લોકોની તરસ છીપાવે. જંગલી જાનવરોને એ પાણી પીવાનો આબાધિત અધિકાર. ધુનાનું દૃશ્ય દિલધડક. બન્ને કાંઠે મહાકાય તરુવરો. જાણે એકબીજાં સાથે દાંતિયા કરવા ઊભાં હોય. કોઈ જંગલી જાનવર પોતાની તૃષા છુપાવવા ક્યારે આવી ચડે, લપલપ કરતું પાણી પી, પોબારા ભણી જાય તેનું કંઈ કહેવાય નહીં. પાણી ઘટ્ટ, ઘનઘોર ગંભીર, સ્થિર. પહેલવહેલા દેખતા કોઈના પણ હાજાં ગગડી જાય.

એના કિનારે બેઠા કે અમારો સરદાર હીરજી જેનું અમારા પૂરતું નામ 'બાવા' હતું તે બોલી ઊઠ્યો, ચાલો, આજે આ ધુનાની તપાસ કરવી છે. બહુ રૂવાબ મારે છે. એ ક્યાંથી નીકળે છે તે શોધીએ. સાપની પૂંછડી હાથમાં આવી જાય તો સાપ ઢીલોઢફ થઈ જાય તેમ આ ધુનાનું મૂળ શોધી એની અસલિયત જાણવી છે.

સરદારનો હુકમ એટલે હુકમ. રાતા ધુનામાં ત્યારે પાણીનું વહેણ મરણતોલ મરઘા જેવું હતું. એ પણમાં પગ પલાળતા ઠપકારતા

દક્ષિણ દિશામાં પ્રયાણ કર્યું. પહેલાં તો વહેળો સીધોસપાટ. મલપતી ચાલે બે-ત્રણ ફર્લાંગ જેટલું અંતર કાપ્યું. મારા જેવાને કોઈ કવિતા યાદ આવી ને ગવાઈ પણ ગઈ. જરા આગળ વધ્યા કે ઝાડી અમને ભીંસવા લાગી. વહેળો માંડ દેખાય એટલી ઘટ ને ઘનઘોર નજર અહીંતહીં ફરતી રહે. સૂરજને પોતાના કિરણ જમીન પર પહોંચાડવા જીવસટોસટના ખેલ ખેલવા પડે. ક્યાંક ઝાડીમાં બાકોરું જોયું. સૂર્યકિરણો બિચારાં બની હેઠાં ઊતરે કે ઘડીના છઠ્ઠા ભાગમાં કોણ જાણે તરુવરોનો ગરાસ લૂંટાઈ ગયો હોય તેમ હલનચલન કરી સૂર્યકિરણોના પ્રકાશને હતો ન હતો કરી મૂકે. કરડાકી ભર્યા ચહેરે વદતા ભાસે કે એવી ગુસ્તાખી ફરી વાર કરી તો જોવા જેવી થશે. કિરણો શિયાંવિયાં થઈ જાણે થથરતાં હોય તેમ ડોલતાં ભાસે. દૂરથી જરાય ધૂમ્ર મિશ્રિત કિરણોનું દૃશ્ય દેવાંશી ભાસે. જોવું ગમે, પણ નજર જરા ઠહેરી ન ઠહેરી કે બધું ભુંસાઈ જાય. કૅમેરાનું કોણે ત્યારે નામ સાંભળેલું છતાં હૈયામાં કંડારેલાં એ દૃશ્યો હજી પણ હાથવગાં છે.

દક્ષિણ દિશામાં ચાલતા વહેળાનો પશ્ચિમ કાંઠો કરાડમય. એ કરાડમાંથી ટેકરીઓએ ચૂસેલું વરસાદનું પાણી ભૂતળમાં વહેતું અહીં ફૂટે, વહેળામાં વહેતું થાય.

હવે ચાલવાનું ખરેખર મુશ્કેલ થયું. મોટા મોટા પથ્થરો, ક્યાંક મોટા દેડકાઓ, એમની શાંતિમાં ખલેલ પહોંચાડવા બદલ દાંતિયા કાઢતા ઠેકડા મારે તે ડરામણ ભાસે. છીછરા સ્થિર પાણીના કુંડમાં માછલીઓ મસ્તી કરતી રહે. જરા વાર સખણી ન બેસે. થયું, ભગવાને એમને ઘડીક પોરો ખાવાની સમજ કેમ ન આપી હશે ! પૂર્વનું જંગલ ભીંસતું રહે. ડાળીઓ એવી તો ઝુલતી વહેળાના પટમાં પગ પહોળા કરી છવાઈ ગઈ હોય કે એમને જરા પણ સંકોરવાનું કહેવા કરતાં કરગરવું પડે. હટે, પણ છણકા કરતી ને ઘડીના છઠા ભાગમાં ફરી પોતાના અસ્સલ આસનમાં સ્થિર થઈ જાય. એમને છંછેડવા બદલ બુરી નજરે જોતી રહે.

વાતાવરણ સાવ નીરવ. ક્યાંક કોઈક પક્ષી અમારા કલબલાટે પાંખો ફફડાવતું ઊડે યા ઝાડના છાંયડામાં ટેસથી કળા કરતો મોર અવાજ સાંભળી ઢેલબાઈને સાવધ કરવા ટહુકોનો એવો તો ભોંકળો તાણે કે અમે હલબલી જઈએ. સાવ શાંત વાતાવરણમાં કલાપીનો કેકારવ ક્યારેક જરા કર્કશ જરૂર ભાસે. હવે કલાપીને એના વૉલ્યુમ પર નજર રાખવા કોણ કહી શકે ! ને એનું વૉલ્યુમ કંઈ ઓછું જ એના હાથમાં હોય છે. એ તો હૃદયમાં જેવી ઊર્મિ ઉઠી તેવી જ ટકોરાબંધ વ્યક્ત કરી દે. રેકર્ડ કરાયેલા ધ્વનિને સહજ સંભળાતા ધ્વનિમાં ઘોડા-ગધેડા જેટલો ફરક હોય છે, કારણ રેકર્ડ કરાયેલામાં ઊર્મિ કેમ આમેજ કરી શકાય! કાન સરવા તો હતા જ. છતાં વધુ

સરવા કરવા પડ્યા. એક નવોનકોર નાદ સાવ બોદો, કોઈ મોટો લશ્કરી અમલદાર શહીદ થયો હોય ને એની સ્મશાનયાત્રામાં પેલા વાજાવાળાઓ એમના વાજા પર કપડું બાંધી અવાજને બોદો કરે તેવું જ હતું. જરાક વારમાં તો જલપ્રપાતની ઝાંખી થઈ. કંઈક નવું જોવા મળશે એ આશાએ પગમાં જોર આવ્યું. પ્રપાત નજદીક આવતો ગયો તેમ ધ્વનિ ઘનને ઘટ્ટ થતો ગયો. જરા વારમાં બધું ધૂમ્રમય થઈ ગયું. આંખ સંકોરી ધૂમ્રના ગોટાને હઠાવ્યો તો દૃશ્ય બહુ રોમાંચિત નોહતું. મુડદાલ વહેળો દૂરથી કોઈ અલેલટપ્પુની જેમ હાલતો આવે, અહીં આ શિલા જરા વાંકી નજરે કહેતી ભાસે કે અહીં શું કામ આવ્યો. મારી શાંતિમાં શું કામ ખલેલ કરે છે! માયકાંગલું વહેણ ખાખાંખોળા કરે, કોઈક અન્ય રસ્તો શોધવા. રસ્તો ન મળે એટલે નાછૂટકે શિલાના સાંનિધ્યમાં ઓશિંગણ થઈ ઠહરી જાય. છેવટે વધુ ભરાવો થાય તો શું કરે! અનાયાસે કૂદી પડે. એ કૂદકામાં છલાંગ જેવી સ્ફૂર્તિ ઓછી જ હોય. છતાં સ્થળાંતર કરનાર કોઈ પણ ચીજ ધ્વનિ ઉપસાવે. ઘર્ષણનો નિમય એમને કેમ લાગુ ન પડે ? ફળસ્વરૂપ આ બોદો અવાજ ઊપસે ને અમારા જેવા અલેલટપ્પુઓના કાનમાં ગરી નકામી ઉત્કંઠા ઉપસાવે.

મુડદાલ વારિ શિલા પરથી કૂદકો મારી નીચે પડે. નીચે જમા થાય. તે ભલે બહુ ઊંડું ન હોય છતાં એની નજદીક ન જવાય. કોને ખબર એ પેલા રાતા ધુનાની લઘુ પ્રતિકૃતિ હોય ને અમે નકામા ક્યાંક ગરક થઈ જઈએ! અહીં ક્યા, કાકાને તરતા આવડતું હતું ? પૂર્વ દિશાના ઝાંડના વેલા પકડતા ઉપર ચડ્યા. શિલાના અવરોધથી જમા થયેલા પાણીનું વિહંગાવલોકન કરતાં એ બહુ ઊંડું ન જણાયું. અમારો સરદાર અમને પાનો ચડાવતો રહ્યો. કહે, હવે આ મુડદાલ વહેળો પાર કર્યો કે ખેલ ખતમ. બેટમજી આટલામાં જ ક્યાંકથી ફૂટતો હશે. અમે પોરસાયા. જરા આગળ વધ્યા કે ફરી પાછો જળપ્રપાત... નજદીક ગયા તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. જળપ્રપાત પશ્ચિમની કરાડમાંથી ફૂટી નીચે પડતો હતો. હમણાં કૂણો પડ્યો હતો. એની યુવાનીમાં - ભરવરસાદમાં - એનું ગૌરવ શબ્દાંતીત હોઈ શકે. સરદારે એ જલપ્રપાતની નજદીક જઈ એની બરાબરની તલાસી લીધી. અમે ટોળે વળી બધું જોતા રહ્યા. જળપ્રપાતથી આગળ-ઉપરવાસમાં - વહેળાનું નામોનિશાન નહોતું. બધા એકીઅવાજે બોલી ઊઠ્યા ''રાતા ધુનાનું ઊગમસ્થાન આ જ'' જાણે મોટો મીર માર્યો હોય તેમ આનંદની કિકિયારી કરી બેઠા. એ અવાજે આજુબાજુ બેઠેલાં સસલા ભયભીત બની ભાગી છૂટ્યાં.

નર્મદા, નાઈલ કે ગંગા નદીના મૂળ શોધનારના રોમાંચ જેવો જ અમારો રોમાંચ હતો.

લટકતી એક ડાળી ઝટકાભેર ખેંચી એનાં પાંદડાં ઉતારી ત્યાં ઊભી ખોસી. એના પર ધજા શેની ધરાય? રૂમાલ ત્યારે કોઈ ન રાખતું. ખમીસની ચાળ રૂમાલની ગરજ સારતી. ખમીસ, ટોપી કે લેંઘો કોઈને ઉતારવો પોષાય એમ નહોતો. સલામ મારી પાછા વળ્યા.

આદિત્યદેવે હવે પોતાની હસ્તી જાહેર કરી દીધી હતી. બીજી વાસ્તવિકતા મોં ફાળી ઊભી રહી તે ભૂખ. અમે બધા ભૂખ્યા હતા. મૂળ ગોતવાના નશામાં બધું ભુલાઈ ગયેલું. જંગલમાં કોઈ એવું ઝાડ નહોતું જેનાં ફળ અમે ખાઈ શકીએ. અલબત્ત પાંદડાંનો પાલો કરી ચાવતાં અમી જરૂર વળે, પણ એનાથી ભૂખ ન ભાંગે.

પડતા, આખડતા, દડમજલ કરતા રાતા ધુના સુધી પહોંચી આવ્યા. હવે ભૂખ સાથે થકાવટ ભળી. અમારો બધો નશો ઊતરી ગયો. સરદાર સિવાય બધાનાં મુખડાં રોતલ થઈ ગયાં. સરદાર કહે, ગભરાવાની જરાય જરૂર નથી. આપણે બાજુનાં ખેતરો તરફ જઈએ. ત્યાં કંઈ ને કંઈ ખાવાનું મળશે. મરણિયો કૂતરો માની પર ત્રાટકે એમ અમે બધા દોડ્યા. ઘડીના છઠ્ઠા ભાગમાં લાધીમાનું ખેતર આવ્યું. લાધીમા રાત-દિવસ ખેતરે રહે. રોટલા ત્યાંજ ટીપે. અમારાં મુખડા જોઈ એ સમજી ગયા. તરત જ અમને 'પાટિયાં તરફ દોડાવ્યા. ત્યાં ચોળાફળી, ચીભડાં, સાંઠા જે હાથ પડ્યું તે ઉપાડયું. લાધીમાએ પોતાના માટે બપોર ને સાંજ માટેના રોટલા ટીપી રાખેલા ને ગોવારની ફળી ને ભીંડાનું મિક્સ શાક પણ બનાવેલું. પોતે ન ખાતાં અમને પ્રેમથી ખવડાવ્યું. રોટલા, શાક, ચોળાફળી કે ચીભડાં બધું સફાચટ. અમે ટેસમાં આવી ગયા. આભાર માનવાનો યાંત્રિક વિધિ ત્યારે છતો નહોતો થયો. છતાં યાદ રહી ગયો છે. લાધીમાનો સંતોષનો ઓડકાર ખાતો ચહેરો. પોતાની અડોશપડોશના છોકરાઓની ભૂખ ભાંગી શક્યાના સંતોષનો ઓડકાર અંકિત એ ચહેરાનું ચિત્ર કોઈ કચકડામાં નથી મઢી શકાયું. પણ દિલમાં હજી હમણાં જ લીધું હોય ને ફિલ્મ સૂકવતા હોઈએ એટલું તરોતાજું ને સોડમદાર મોજૂદ છે.

*(સદ્‌ગત લિખીત સાહિત્ય-સંચયમાંથી સાભાર)*

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

૧ **પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

૨ **ઈમેલ** - pagdandi@kvoss.org

૩ **વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
સંજય વિસનજી છેડા - ૯૮૯૨૮૧૫૩૬૭

- તંત્રી

# પાછા ફરવું

ડૉ. ગુલાબ દેઢિયા

પ્રવાસે જવાનો આનંદ છે. એટલા માટે ખાસ કે પાછા ફરવાનું છે. પ્રવાસે જતાં જિજ્ઞાસા, વિસ્મય, નવીનતા અને અલક-મલકમાં મહાલવાનો આનંદ મળે. પાછા ફરતાં પુનઃ પોતીકી દુનિયા પાછી શોધવાનો આનંદ ઘર આપે છે. એ લાગણી વિસ્મયકારી છે. બહારગામ જાઉં ત્યારે ઘર વળાવવા આવે તો આવે, ન પણ આવે, પરંતુ પાછો ફરું ત્યારે તેડવા માટે તો એ અચૂક આવે જ આવે. ઘરે પાછા ફરતાં એવું લાગે કે ઘર સામે તેડવા આવ્યું છે. આપણી રાહ જુએ છે. આપણા વગર એનેય આપણી જેમ જ સોરવતું નથી.

બે-ચાર દિવસ કે મહિનો-માસ માટે ક્યાંક બહાર જવાનું થાય પછી પુનઃગૃહપ્રવેશ કરીએ ત્યારે ઘર વધુ ગમવા લાગે છે. જૂની વસ્તુઓમાં ગોઠવાઈ જતાં, પરિચિત વાતાવરણમાં શ્વાસ લેતાં ઘરપતની લાગણી થાય છે. જીવને જંપ વળે છે.

ગલીમાં વળીએ, ઘર દેખાય કે મન તો અંદર પહોંચી જાય. ઘરનો ઝાંપો હથેળી અને આંગળાંનાં સ્પર્શને જાણે છે. ઘરના દાદરનાં પગથિયાં પગ સાથે ગોઠડી માંડે છે. પગ બેધડક એ પગથિયાં ચડે-ઊતરે છે. ખૂબ હળવાશથી જેમ પતંગિયું એક ફૂલથી બીજા ફૂલ પર ઊડે તેમ પગથિયાંના આકાર પગથી જાણીતા છે. પોતાના ઘરનો દાદર કોઈને પણ અંધારિયો, કઢંગો, જર્જરિત કે અગવડિયો લાગતો નથી. ઘરના પગથિયે કોઈ લપસી કેમ પડે ભલા! અંધારામાં પણ ખોટો પગ પડતો નથી. પગ અને પગથિયાં વચ્ચે સુરીલો તાલમેળ છે. દાદરના કઠેડાને જુહાર-જુહાર કરતા હોઈએ એવું પાછા ફરતા લાગે છે. કઠેડા એ માત્ર પડી ન જવાય તે માટેનો આધાર કે આડશ જ નથી. એ તો આપણા કેટલાય સ્વજનો અને મોંઘા અતિથિઓના હાથના સ્પર્શ સાચવી ઊભો છે. આડો ઊભો હોય છતાં કઠે નહિ તે કઠેડો.

બારી-બારણાંના ખૂલવા-બંધ થવાના ચોક્કસ અવાજ, તાળામાં ચાવીનું ખાસ અટકળથી ફરવું, કબાટના દરવાજાનું ચોક્કસ જગાએ અટકવું, વપરાઈને જૂની થયેલી ટેલિફોનની ડાયરી (જૂની ડાયરીમાંથી નવી ડાયરીમાં નંબર ઉતારવા જતાં કેવી મિશ્ર લાગણીઓ અનુભવીએ છીએ!), સિલિંગ

ફેનની ગતિ અને અવાજ, ફોનમાંથી પ્રગટતો કાનનો ભાઈબંધ રણકાર, પ્રવાસે જતાં પહેલાં જ બાકી રાખેલાં કામ, રોજ આપણો દિવસ ખેરવતું તારીખિયું, ઘરમાં ભેગી થયેલી ટપાલ, સામયિકો, સંદેશા, વાંચવાનાં બાકી રહી ગયેલાં વર્તમાનપત્રો વગેરે આપણાને ઘેરી વળે છે.

આપણી અનુપસ્થિતિમાં ઘરમાં થયેલા તરત દેખાઈ આવતા ફેરફારો, પરિચિત પ્યાલા, થાળી, એમના આકાર, વજન, એમને પકડવાની આપણી ઢબ, કેટકેટલું આપણી ફાવટનું અહીં છે.

આપણાને ખોળે લેતું આત્મીય આસન, એ ખુરશીની બેઠક, હાથા, લંબાઈ, પીઠ, વજન બધું જ ઓળખથી છલોછલ છે. એ ખાસ જગાએ ખાસ મુદ્રામાં બેસવું એ દેહનો સ્વભાવ છે. પરિચિત બિછાનાં, ઓશીકું, ઓઢણ, એમાં લહેરાતો નિદ્રાનો મોલ, સપનાની સુગંધ, અનિદ્રાનાં ક્યારેક નડતાં ઝાખરાં અને પાગરણની પોતીકી ગંધ, અરે! કેટલું બધું ઘરમાં છે. આપણે ઘરનો ભાગ છીએ તેમ ઘર પણ આપણો ભાગ છે. ઘરની માયા છોડવી ક્યાં સરળ છે? એટલે જ સાધુને અણગાર કહ્યા છે. જેણે આગાર એટલે ઘરને છોડયું છે. જેણે વિશ્વને અથવા આત્માને ઘર માન્યું છે. આપણે એમ કહીએ તે પહેલાં ઘરને ચાહી શકીએ એ પણ ગૃહસ્થ તરીકે એક નામી ચીજ છે. ગૃહસ્થ બનવું એ પણ સાધના છે.

ઘરમાં ગોંધાવાનું હોય ભલા? ઘરમાં ગૂંગણામણ કેવી? ઘરના નાનકડા મંદિરિયામાં આપણા પોતાના અંગત ભગવાન છે. આપણી એમની સાથે સારાસારી છે. એ આપણાને ઓળખે છે.

વળગણી, ખીંટીઓ, એ જ રીતથી ગડી વાળેલાં કપડાં-એમની ગોઠવણી, એક ખંડમાંથી બીજા ખંડમાં પહોંચતાં પગલાંથી અનેક વાર મપાયેલું અંતર, આંખોમાં વસેલા ખૂણાઓ, ટેબલનાં ખાનાં ખોલવા-બંધ કરવા વાપરવું પડતું એ જ માફકસરનું બળ, હાથથી ક્યાં અજાણ્યું છે? ઘરમાં મિત્રની જેમ આવતો તડકો, એનાથી રચાતી તેજ છાયાની ભાત, બારી-ઝરૂખાની ફ્રેમમાંથી દેખાતો આકાશનો અંશ, ઘર પાસેના વૃક્ષની લીલા આ બધું જ પાછા ફરતા પાછું મળે છે. છબી પાછળ કે અલમારીની ઉપરથી ચીં ચીંનો જરાક મોટો થયેલો અવાજ, વધુ લચી પડેલાં તણખલાં એ પણ ઘર, ઘરમાં ઘર.

બહાર કશે જવું, ફરવું, જોવું, માણવું અભિભૂત થવું, સ્થળકાળ વિસરી જવું અને એટલે જ પછી ઘરે આવીએ ત્યારે ઘર વધુ વહાલું લાગે. વર્ષો પછી માણસ પોતાને ગામ, વતન કે પોતાને શહેર પાછો ફરે છે ત્યારે એને બદલાયેલું ઉપરઉપરથી સ્પર્શે છે. અંદરથી તો જૂનું બચી ગયું છે તે અડી જાય છે.

શરીરને, મનને પોતીકામાં હાશ મળે છે. સુરક્ષાની લાગણી થાય છે. આદતનો આહ્‌લાદ અનુભવવા મળે છે. ઘર સાથે આપણા સંબંધો બહુ ઘરઘરાઉ હોય છે. અંગત હોય છે.

ઘર એટલે હિસાબ વગરનો રોજમેળ. રજેરજ સાથે મનમેળ હોય છે. ઘરમાં નાનકડા વાસણના પડવાથી સર્જાતા અવાજને ઓળખી જઈએ છીએ. અહીં શેઠ કરતાં વાણોતરોને ડાહ્યા થવાની છૂટ છે. ઈન્દ્રિયો મગજને પૂછાપૂછ કર્યા વગર વર્તી શકે છે. હાથ, પગ, આંખ, ટેરવાં, નાક, કાન બધાં પોતાના નિર્ણયો જાતે લઈ લે છે. બારી કેટલી ખૂલશે એ આંખથી જોવાની જરૂર નથી, હાથ જોઈ શકે છે. તેથી જ મગજલાલ શેઠને ઘરમાં આરામ રહે છે.

ઊંટવાળો ઊંટગાડીમાં સામાન ભરીને રાતે શહેરથી પોતાનો ગામ આવવા નીકળે. ઊંટગાડીમાં બેઠાંબેઠાં જ એને ઊંઘ ચડી જાય. ઊંટ બરોબર ગાડી ખેંચીને માલિકના ઘર પાસે આંગણે ઊભું રહે. કીડી દરમાં, મધમાખી મધપૂડે, પંખી માળે કેમ પાછાં આવી જતાં હશે ? કારણકે ઘરે પાછા ફરવાનું સહજ છે એ શીખવવાનો વિષય નથી. સો ગાઉથીય ખૂંટો સાંભરે.

બાળકો ઘર-ઘર રમે છે. ઘરનાં ચિત્રો દોરે છે. રેતીમાં ઘર બનાવે છે. એક બાળકને તકિયા ગોઠવીને પોતાનું ઘર બનાવી બેઠેલું જોઈ આનંદ થયો. ઘરના સર્જન વગર છૂટકો નથી.

બહાર જેટલું નવનવીન તે આહ્‌લાદક લાગે. ઘરે એનાથી ઊલટું. ઘરેબાહિરેની આ રમત ચાલ્યા કરે છે. ઉંબરાની આ પાર ઘર છે. પેલી પાર વિશ્વ છે. ઉંબરે ઊભા રહેવાની છૂટ નથી. આવન-જાવન ચાલે છે.

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

**જીત નક્કી હોય તો અર્જુન**
**કોઈ પણ બની શકે સાહેબ**
**પણ જ્યારે મૃત્યુ નક્કી હોય તો**
**અભિમન્યુ બનવા માટે તો**
**સાહસ જ જોઈએ.**

✤ ✤ ✤ ✤ ✤

**હારવાના ભય કરતા જીતવાની**
**મહત્વકાંક્ષા વધારે હશેન તો**
**સફળતા તમારા હાથમાં હશે.**

**જે નારાશા ને કદી જોતાં નથી,**
**તે આશા કદી ખોતા નથી**
**અને જે પ્રયત્નો પર જીવી જાણે છે**
**તે કદી કિસ્મત પર રોતા નથી.**

✤ ✤ ✤ ✤ ✤

**જ્યારે પોતાના દોષો**
**દેખાવા લાગે ને સાહેબ...**
**ત્યારે સમજવું કે પ્રગતિની**
**શરૂઆત થી ચુકી છે.**

### રાષ્ટ્રપતિ ભવનની રૂઢિરીતિઓ ઐતિહાસિક સમ્રાટો કરતાં ઓછી નથી

# રાષ્ટ્રપતિ ભવનની અધધ જાહોજલાલી ‘ભાગ-૨’

પ્રવીણચંદ્ર શાહ

‘રાષ્ટ્રપતિ’ શબ્દ હવામાંના પ્રાણવાયુ જેમ સતત વાતાવરણમાં ફેલાયેલો અનુભવાય છે. ટીવીની ત્રણસોથી વધારે ચૅનલો પર દેશની બધી ભાષાઓનાં અખબારો કે સામયિકોમાં, મહાનગરો, નગરો, શહેરો અને ગામ-ગામડાંમાં વસનારાઓની પરસ્પરની વાતચીતોમાં તો રાષ્ટ્રપતિ શબ્દ અસંખ્ય પ્રમાણમાં વપરાય છે જ; તે એટલે સુધી કે દેશના નવા રાષ્ટ્રપતિ કોણ બનશે તેના પર સટ્ટાબાજ જૂગારીઓ વચ્ચે સામસામા કરોડો રૂપિયાની બોલીઓ બોલાય છે અને દાવ લગાડાય છે.

માત્ર આપણા દેશમાં જ નહીં, ભૂતકાળ દરમિયાન વિદેશોમાં પણ રાષ્ટ્રપતિ શબ્દ વિવિધ દેશોમાં એક યા બીજા સંદર્ભમાં ગાજતો રહ્યો છે.

ઇજિપ્તમાં વર્ષો પહેલાં રાજકીય ભૂકંપ સર્જાયેલો અને ત્યાંના પ્રેસિડેન્ટ મુબારકને પકડીને રૈયતની અદાલતમાં કેસ ચલાવાયેલો અને ઉમ્ર-કેદની સજા ફરમાવાયેલી. ફ્રાંસમાં પ્રેસિડેન્ટ નિકોલસ સાર્કોઝી હતા. તેની ફૂલફટાકિયા જીવનશૈલીથી એ ફ્રાન્સના માજી પ્રમુખ ચાર્લ્સ દ’ ગોલની મહાનતા કેળવવાના વાંદરવેડા કરતો હતો. નવી ચૂંટણી થઈ. ફૂલફટાકિયાને ફ્રાન્સની રૈયતે ખસેડી દઈને ફ્રાન્કોઈઝ હોલાંદને પ્રેસિડેન્ટના પદે મૂકેલો. રશિયામાં પણ નવી ચૂંટણી થઈ અને રાજકારણનો કૂસ્તીબાજ વ્લાદિમીર પૂતિને ત્યારે ત્રીજી વાર ચૂંટાયેલો. અમેરિકન પ્રેસિડેન્ટની પણ નવી ચૂંટણીમાં બે મુખ્ય ઉમેદવારો બરાક ઓબામા અને મિટ્ટ રોમની સામસામે મેદાનમાં હતા. છેલ્લાં દાયકા દરમ્યાન યુરોપના બેહાલ બની ગયેલો દેશ ગ્રીસમાં આઠ પ્રમુખો બદલાઈ ચૂકેલા છે. આ બધાની અને આપણી બંધારણીય વ્યવસ્થામાં એક બહુ મોટો ફરક છે. આ બધા દેશોમાં પ્રેસિડેન્ટ પોતાની કેબિનેટ-પ્રધાનોની પસંદગી અને નિમણૂકો કરે છે. આપણા દેશના રાષ્ટ્રપતિનું બંધારણીય સ્થાન પ્રતિકાત્મક છે. આપણે ત્યાં ચૂંટાયલા સાંસદોમાંની બહુમતી વડાપ્રધાન ચૂંટે છે અને વડાપ્રધાન પોતાની પસંદગીના પ્રધાનો નક્કી કરે છે અને સંસદમાંની પોતાના પક્ષની સબળી કે નબળી બહુમતીને લક્ષમાં રાખીને વિવિધ પક્ષોનો સાથ

લઈને મિશ્ર સરકાર પણ રચે છે. આવી મિશ્ર સરકારોને પોતાની બહુમતી ટકાવી રાખવા ઘણાં સમાધાનો અને બાંધછોડ કરવી પડે છે. ઘણા લાંબા સમય પહેલાં જ્યારે કૉંગ્રેસ સંસ્થા નબળી નહોતી પડી ત્યારે શ્રીમતિ ઈંદિરા ગાંધીએ એવી મિશ્ર સરકારને ખીચડી સરકાર તરીકે નીંદી હતી. આજે એવી જ ખીચડી સરકાર આપણા દેશમાં છે.

આપણા દેશના રાષ્ટ્રપતિના નવી દિલ્હી ખાતેના રાયસિના હીલ પરના સવાયા રાજમહેલ જેવા રાષ્ટ્રપતિ ભવનની જાહોજલાલી અધધ છે.

જેમાં માત્ર એક રાષ્ટ્રપતિ હોદ્દાવાળી એક વ્યક્તિ (તેના પરિવાર સાથે) રહે છે તે સવાયો રાજમહેલ ૩૬૦ એકર જેટલી વિશાળ જમીન પર બંધાયલો છે. આ સવાયા રાજમહેલમાં ૩૪૦ રાજાશાહી ખંડો છે.

એક જ રાષ્ટ્રપતિ હોદ્દાવાળી વ્યક્તિની તહેનાતમાં એક હજાર કરતાં વધુ કર્મચારીઓનો સ્ટાફ છે. એક જ રાષ્ટ્રપતિની સેવામાં ૧૫૦ જેટલા માળીઓ (બાગ બગીચા સંભાળનારા) છે. ૧૧૦થી વધુ સફાઈ કામદારો છે. ૧૮થી વધુ રસોઈયાઓ અને ૩૫ થી વધુ (બટલરો) ભોજન સમયે તહેનાતમાં રહેનારા પીરસણિયા છે. કેક અને પેસ્ટ્રી બનાવનારા ૧૦થી વધુ બેકર્સ છે. ૧૬થી વધુ ડ્રાઈવરો છે. પાંચથી વધુ કાર-મિકેનિકો છે. ૧૮૦થી વધુ બોડીગાર્ડો છે. ૬૦ જેટલા પાણીદાર, ઉંચા, પડછંદ ઘોડા (અશ્વો) છે.

આજના રાષ્ટ્રપતિ ભવનની જમીનની કિંમત, હમણાંથી ૧૨/૧૫ વર્ષો પહેલાં ૨૦૦૫ ની આસપાસમાં ૧૧,૮૮૦ કરોડની અંદાજાઈ હતી. એ પછીના વર્ષો દરમ્યાન દિલ્હી, મુંબઈ, કોલકાતા કે ચેન્નઈ (આગળનું નામ મદ્રાસ)માં જમીનોના ભાવો સાવ ઓછામાં ઓછા ગણાય તો ય ૫ થી ૧૨ ઘણા વધ્યા છે. ટકાવારીમાં બોલીએ તો ૫૦૦ થી ૧૨૦૦ ટકા વધ્યા છે. એ કાચી ગણતરીએ રાષ્ટ્રપતિ ભવનની જમીન ૩૬૦ એકરની અંદાજિત કિંમત ૨૦૦૫ ની સરખામણીએ ૧૧,૮૮૦ કરોડને ૫૦૦ ટકાથી ૧૨૦૦ ટકા નો ગુણાકાર કરવાના પ્રયત્નમાં આ લખનારનું કેલ્ક્યુલેટર ભાંગીને ફૂરચા થઈ ગયું હતું !

આપણા દેશના રાષ્ટ્રપતિ માત્ર બંધારણીય વડા છે. આપણા દેશની રૈયતના આમ આદમીની જીવનનિર્વાહ પદ્ધતિ, તેના રહેણાક, તેની આવક, તેની રોજ-બ-રોજની જિંદગીની મથામણોની તો તુલના સરખી રાષ્ટ્રપતિની દિનચર્યા સાથે કરી શકવાનું અશક્ય છે અને વ્યર્થ પણ છે. રાષ્ટ્રપતિનું ભોજન - બપોરનું કે રાત્રીનું - ચાંદી ઉપરના અફલાતૂન

નકશીકામવાળી કટલરીથી થાય છે. પ્રજાસત્તાક દિન જેવી રાષ્ટ્રીય મહત્વની પરેડ કે ઉજવણીઓ વખતે રાષ્ટ્રપતિનું જે ઝાકઝમાળ દબદબાથી આવાગમન થાય છે, તે મુગલ શહેનશાહ, મહાન અકબરની જાહેર સવારીને પણ ઝાંખી પાડી દેનારું છે. રાષ્ટ્રપતિ ભવનના અનેકાનેક નાકાં (ગેટ્સ), ગણ્યાં ગણાય નહીં તેટલાં બારણાં, બારીઓ છે. રાષ્ટ્રપતિ ભવનની બ-હા-ર, તેની ચોકી કરતા, હરતા-ફરતા એક હજાર જેટલા શસ્ત્રધારી પોલીસ–ફોજના પોલીસ ગાર્ડો છે. આ પોલીસ ગાર્ડ ચોવીસ કલાક ચોકી કરવાની ડ્યૂટી પર ખડે પગે હાજર રહે છે.

રાષ્ટ્રપતિ ભવનના ૩૪૦ શાહી ખંડોની છત એટલી ઊંચી છે કે તેના પર લટકાવેલાં પાંસાદાર કાચનાં જંગી ઝુમ્મરો જોવામાં કમ્મર બેવડ વળી જાય. રાષ્ટ્રપતિ ભવનમાં મુગલ ગાર્ડન છે, હર્બલ (વિવિધ વનસ્પતિઓવાળુ) ગાર્ડન છે, બાયો-ડાઈવર્સિટી પાર્ક છે, સંખ્યાબંધ ટેનિસ કોર્ટો છે, અસંખ્ય ફુવારાઓ છે. ક્રિકેટના મેદાનની સાઈઝના (અંગ્રેજી શબ્દઃ ફોર કોર્ટ) જંગી ચોક છે. રાષ્ટ્રપતિ ભવનમાંના અનેક થાંભલા- થાંભલીઓ ૫-૭ માળ ઊંચા ટાવરની ઉંચાઈના છે. આઝાદી પહેલાંના ભારત દેશની કરોડોની વસતિ ઉપરનું સ્વામીત્વ બ્રિટિશ સરકારનું છે, એકાધિપત્વ બ્રિટિશ સલ્તનતનું છે, ભારત ઉર્ફે ઈન્ડિયા બ્રિટિશ સત્તાની એડી હેઠળનું ગુલામ છે અને ગુલામો પર લગામ ખેંચતા રહેવાની જવાબદારીવાળા બ્રિટિશ વાઈસરૉયની શાનો-શૌકતના પ્રતિકરૂપે બંધાયેલા વાઈસરૉય પેલેસને હવે આપણે 'રાષ્ટ્રપતિ ભવન' નામથી ઓળખીએ છીએ. ગાંધીજી જ્યારે જીવંત હતા ત્યારે એમણે ભલામણ અને ઈચ્છા વ્યક્ત કરેલી કે આઝાદી મેળવ્યા પછી આ વાઈસરૉય હાઉસને દેશની જનતા માટેની વિશાળ હૉસ્પિટલમાં ફેરવી નાખવાનું વાજબી થશે. આઝાદી મળ્યાનો ૭૫ વર્ષો ચૂકયાં છે. વાઈસરૉય હાઉસ રૈયત માટેની વિશાળ હૉસ્પિટલમાં ફેરવાયું નથી. રાષ્ટ્રપતિના હોદ્દાવાળી એક જ વ્યક્તિના વસવાટ માટેનો સવાયો રાજમહેલ જ રહ્યો છે. દરેક રાષ્ટ્રપતિની બંધારણીય પાંચ વર્ષની મુદત દરમ્યાન ક્યારેક ક્યારેક એમની સલાહ-સૂચના લેવાયાં છે ખરાં; પણ મોટે ભાગે તો દેશના રાજતંત્રના 'સરિમોનિઅલ હેડ', રૂઢિવિધિ જાળવનારા હોદ્દેદાર તરીકે જ રાષ્ટ્રપતિ(ઓ)ની હયાતી જળવાઈ છે.

આ રૂઢિવિધિઓ સેરિમનીઝ ઍન્ડ ફંકશન્સની જાળવણી માટે આપણા દેશના બજેટમાંથી, એટલે કે તમારા, મારા, આપણા જેવા કર ભરનારા, ટૅક્સપેયર્સનાં કેટલાં નાણાં કેમ અને કયા હેતુના નામે ખર્ચાય છે, તે પણ સમજવા જેવું છે.

રાષ્ટ્રપતિના સેક્રેટરિયેટ (એટલે કે એમની ઑફિસ) અને હાઉસહોલ્ડ (એટલે કે પરિવાર-નિભાવવાનું ખર્ચ) બજેટ હેઠળ ૨૦ કરોડ, અને બીજા હેતુઓ માટેના ખર્ચના ૪૦ કરોડ માળીને, વાર્ષિક ૬૦ કરોડથી વધારેનું ખર્ચ કરાય છે. આની સરખામણી વાઈસપ્રેસિડેન્ટ, ઉપરાષ્ટ્રપતિ માટેનાં બજેટ સાથે કરવા સરખી છે. ઉપરાષ્ટ્રપતિને એકમાત્ર વિશાળ બંગલો અપાય છે અને બીજા બધાય ખર્ચ માટે માત્ર રૂપિયા ૧૦ કરોડ જ ખર્ચાય છે.

રાષ્ટ્રપતિ ભવનમાં રહેનારા રાષ્ટ્રપતિ જ્યારેજ્યારે ભવનથી બહાર જાય કે અંદર આવે ત્યારે ત્યારે સશસ્ત્ર ગાર્ડોનું એક દોઢસો-બસો ગાર્ડોનું જૂથ, એમને ગાર્ડ ઑફ ઑનર; વિદાય અને આવકાર માટેની સલામી આપે છે. રાષ્ટ્રપતિ મહોદય (કે મેડમ) માત્ર અર્ધો જ કલાક ભવનની બહાર ગયા હોય કે આવ્યા હોય, તોપણ ગાર્ડ ઑફ ઓનર - 'સલામી' તો આપવી જ પડે. આવા ગાર્ડ ઑફ ઓનર સલામી વખતે, જતી વખતે કે આવતી વખતે પ્રેસિડેન્ટસાહેબ કે સાહેબા, પોતાની મર્સિડિસ કારમાંથી બહાર કદમ મૂકતા નથી, પણ એમની મર્સિડિસ કારનો શોફર (ડ્રાઈવર) કારની ગતિને સાવ હળવી (સ્લો, ધીમી) કરી નાખે છે અને ધીમી ગતિથી ચાલતી, કારની અં-દ-રથી રાષ્ટ્રપતિ પોતાનો હાથ ઊંચો કરી સલામી ઝીલે છે.

આ ગાર્ડ ઑફ ઓનરની રૂઢિ-વિધિ જાળવવા શીખ લાઈટ ઈન્ફન્ટરી (૧૫૦ સૈનિકોની) કંપનીના કમાન્ડર તરીકે લશ્કરના 'મેજર' તરીકેના હોદ્દાવાળા એક ઑફિસર હોય છે. આ ૧૫૦માંથી ૮ સૈનિકોએ એમના માટે નક્કી કરાયેલી જગ્યાઓએ જ એકેક યા બબ્બેએ ખડે પગે ઊભવાનું હોય છે. આમાં ફ્રન્ટ ગેઈટ, તોપની પાસે અને તેથી પાછળના ભાગે પૂતળાની જેમ સ્થિર ખડે પગે ઊભવાનું હોય છે. શીખ લાઈટ ઈન્ફન્ટરીથી પહેલાં આ જવાબદારી ઈસ્ટર્ન રાજપૂતાના રેજિમેન્ટની હતી. લશ્કરી જૂથો બદલાતાં રહે છે, પણ 'સલામી'ની રીત તો એ જ જળવાયા કરે છે.

આપણે સમ્રાટ સિકંદર, સમ્રાટ અશોક, વિક્રમાદિત્ય, શહેનશાહ અકબર કે માયસોરના મહારાજાધિરાજની વિસ્મય-સાગર સવારીઓ, કોરોનેશનો, રાજ્યારોહણોના ઈતિહાસો વાંચ્યા છે, શીખ્યા છીએ, સાંભળ્યું છે આ બધાને મહાત કરી દે તેવું રાષ્ટ્રપતિ ભવન તો આજની મિનિટે, આપણી વિસ્ફારિત આંખોની સામે અત્યારે જુલાઈના છેલ્લા હપ્તા સુધી પણ, આપણી આશ્ચર્યભરપૂર આંખોની સામે હાજરાહજૂર છે. નક્કર હકીકત સમું ખડું છે.

(મો. ૯૯૩૦૬૬૦૨૪૨)

# ફેશન

CA સંજય વિસનજી છેડા

છેલ્લાં કેટલાંક બે - ચાર વર્ષોથી ફાટેલા જીન્સ, જર્જરિત ટી-શર્ટ વગેરેનો જે ટ્રેન્ડ ચાલ્યો છે એને કારણે હું પણ મારી એક જૂની, ફાટેલી, પણ મને ગમતી જીન્સ વાપરવા કાઢી શક્યો (ઉપરથી લેટેસ્ટ ટ્રેન્ડ ફોલો કરો છો એવી કોમ્પલિમેન્ટ મળી એ બોનસમાં) અને આ બધાથી એક વિચાર આવ્યો કે આ ફૅશનના નામ પર, આ ટ્રેન્ડના તૂતમાં કઇંક સારું, કંઈક નવું, ઈંઈક સાદગીપૂર્ણ થવા લાગે તો કેવી મજા આવી જાય. જેમ કે

**મોબાઈલ**

લગભગ દરેક ઘરમાં જણ દીઠ એક મોબાઈલ તો હવે સામાન્ય થઈ ગયો છે અને એ મોબાઈલની સરેરાશ કિંમત પચ્ચીસથી પચાસ હજાર (આઇફોનવાળા લોકો આ બન્ને આંકડાને બે વડે ગુણાકાર કરીને વાંચે) અને આવા મોંઘા મોબાઈલનું સરેરાશ આયુષ્ય માત્ર બે વર્ષ, (ફોનનું આયુષ્ય તો ઘણું લાંબું હોય, પણ બે વર્ષમાં આપણાને એ મોબાઈલ જુનવાણી લાગવા લાગે).

એટલે એવી ઈચ્છા કે એવી ફૅશન આવી જાય કે લોકો પોતાના જૂના ફોન વાપરવામાં જ ફૅશન સમજવા લાગે. જેટલો જૂનો તમારો ફોન, એટલી લેટેસ્ટ તમારી સ્ટાઈલ. (શું ? તમે ફોન બદલ્યો. અરે, આ જો આપણો ફોન. પાંચ વર્ષથી વાપરું છું અને હજી તો બીજા બે - ચાર વર્ષ સહેલાઈથી ખેંચાઈ જશે.)

કાશ. આવી કોઈ ફૅશન આવી જાય તો ઘર દીઠ વર્ષેદહાડે થતો પચીસ-પચાસ હજારનો ખર્ચો બચશે અને એ પૈસા કોઈ સારા કામમાં ''કામ'' આવશે એ બોનસમાં.

**ગાડી**

દુનિયાભરની ઑટોમોબાઇલ, તેમ જ ઑટો એન્સિલરી કમ્પનીઓ વગેરેનું ભારતમાં આટલું જંગી રોકાણ અને પરિણામ સ્વરૂપ જેને જુઓ, પોતાનું ચાર ચક્રી વાહન બદલાવી રહ્યા છે.

ક્યાંક નાના પરિવારની હેચબેકમાંથી આખા પરિવાર માટે મોટી એસયુવી, તો ક્યાંક બચત માટે પેટ્રોલથી ડીઝલ, ડિઝલથી ગૅસ અને હવે એનાથી પણ સોંઘી ઈલેક્ટ્રિક કાર. તો ક્યાંક ગિયરને બદલે ઑટોમેટિક કે

સ્ટાઈલિશ ગાડી. ટ્રેન, મેટ્રો, ઓલા, ઉબેર, કેટલાંય ઑપશન હોવા છતાં જેને નાણાંની જરાક સગવડ થાય એને જૂની કારમાં અગવડ થવા લાગે, કાર નાની કે જૂની લાગવા લાગે.

કાશ. એવી ફૅશન, એવો ટ્રેન્ડ આવે કે જેટલી જૂની કાર, એટલી વિન્ટેજ તમારી ફૅશન. એટલો તમારો વટ પણ કુલ (અને જૂની ગાડીઓના સ્ક્રેપ વગેરેથી પર્યાવરણને થનારું જંગી નુકસાન ઓછું કરી શકીએ, એ બોનસમાં).

કાશ. એવો ટ્રેન્ડ આવે કે કાર હોવા છતાં લોકો ઑલા કે ઉબેર કે અન્ય કાર પુલનો ઉપયોગ કરે કે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરે અને પેટ્રોલ બચાવે અને રસ્તા પરનો ટ્રાફિક અને ધ્વનિ અને વાયુ પ્રદૂષણ ઓછું થશે એ બોનસમાં.

**લગ્ન, જન્મદિવસ, પહેડી વગેરેની ઉજવણી**

માલદીવ્સ કે મોરેશિયસમાં પ્રિ વેડિંગ શૂટ, જેસલમેરમાં સંગીત, જોધપુરમાં લગ્ન (લગ્નના દિવસે, હનીમૂનથી વધે એવા પ્રિ-વેડિંગ વીડિયોનું જાહેરમાં સ્ક્રિનિંગ) અને મુંબઈની પંચતારકમાં રિસેપ્શન કે પછી જન્મદિવસમાં મુંબઈથી દૂર, બે કલાકના ડ્રાઇવિંગ ડિસ્ટન્સ પર કોઈ રિસોર્ટમાં સુપ્રસિદ્ધ એન્કર સાથે ઉજવણી.

સગાઈ કે લગ્ન પ્રસંગોમાં, ત્રણ જાતના વેલકમ ડ્રિન્ક, પાંચ સ્ટાર્ટર કે દેશી અને વિદેશી ફૂટના મસમોટા કાઉન્ટર કે પછી ૨૦ જાતના પાનના લાઈવ કાઉન્ટર.

મોટા માણસ તો આ બધું સરળતાથી કરી લે છે. પણ મધ્યમ વર્ગ આ દેખાદેખીમાં પોતાની ચાદરથી વધારે પગ ફેલાવી દેવાના દળદળમાં ક્યારે ઊતરી જાય છે, એની એને પોતાને ખબર નથી પડતી.

અરે ! સગાઈ કે લગ્નમાં સાદગી નથી લાવવી ? ઠીક છે, જવા દો, પણ ગામના અન્ય પ્રસંગોમાં, પહેડી વગેરેમાં તો થોડી ખમ્મા કરો.

કાશ. એવી ફૅશન આવે, એવો ટ્રેન્ડ આવે કે. શું વાત કરો છો. તમે ૨૫૦ માણસ બોલાવ્યા. અમે તો પહેલાં જ નક્કી કરી લીધું કે ૧૦૦ જણાથી ઉપર કોઈ નહીં.

કાશ. માત્ર દુનિયાને દેખાડી **દેવા** કરાતા દેવામાંથી આપણે સૌ બહાર નીકળીએ અને સૌ વચ્ચે સાદગીની સ્પર્ધા થવા લાગે.

કાશ. મગની દાળના શીરા, ફૂલવણી, ચોળાનું શાક અને પાપડનો એ મીઠો, મધુર જમણવાર અને તૃપ્તિનો એ ઓડકાર ફરી પાછો આવે.

**ઘરવખરી, ફ્રિજ, ટીવી, વૉશિંગ મશીન**

બ્લૅક ઍન્ડ વ્હાઈટમાંથી કલર, કલરમાંથી સરાઉન્ડ સાઉન્ડ, પછી ફ્લેટ ટીવી, પછી કર્વ ટીવી. એમ જ ફ્રિજમાં, ઑટો ડિફ્રોસ્ટ, ઑટો ફ્લાણું, ઑટો ઢીકણું. વૉશિંગ મશીનમાં, સ્ટેન ફ્રી, સેમી પછી ફૂલી ઑટોમેટિક કે પછી ફ્રન્ટ લોડીગ, ટોપ લોડિંગ, કન્સ્યુમરીઝમનું કેવું બીભત્સ વાતાવરણ. ''અબ ઔર ભી બહેતર''ના નામ પર કેટલી વાર આપણાં ટીવી, ફ્રિજ, વૉશિંગ મશીન બદલાવશો.

કાશ. નવી ફૅશન આવે, નવું ગાંડપણ આવે કે જૂનું એ જ સોનું. મને યાદ છે, અમે લીધેલું પહેલું ફ્રિજ પચીસ વર્ષ સુધી ક્યાંય અટક્યું નહીં, કોઈ દગો નહીં

દર પાંચ વર્ષે ''ભારતમેં પહેલી બાર''ના નામે બૅન્ક બેલેન્સ ઓછું કરતી પ્રજાને કોણ સમજાવે કે, ''અન્ન આહારે અને ઘી વહેવારે લેવાય''.

કાશ. આ સેલિબ્રિટીસ, ફિલ્મ સ્ટારો, સ્પોર્ટ્સ લેજેન્ડ્સ એવી જાહેરાતો કરે કે ''જો ખરીદા હૈ, ઉસી મેં જિંગા લાલા''. પૈસા તો બચશે, ઉપરથી પર્યાવરણ અને પ્રકૃતિની સંભાળ બોનસમાં.

**સ્કૂલ, કૉલેજ, વિદેશગમન**

આજ કાલ, જેને જુઓ, આઈબી સ્કૂલ કે નૈનીતાલ કે સિમલા કે સિંગાપોરમાં સ્કૂલિંગ, ગુજરાતી મીડિયમ તો કેટલું જુનવાણી, કેટલું ઑર્થોડોક્સ. અંગ્રેજી મીડિયમ જ હોવું જોઈએ. પહેલા ધોરણથી જ છ આંકડાની ફી હોવી જોઈએ. એ જ સોસાયટીનું સ્ટાન્ડર્ડ છે, એ જ સોસાયટીનો ક્લાસ કહેવાય. બાળમંદિરથી કૉલેજ સુધી તોતિંગ ફીમાં લાંબા થયા પછી લંડન, અમેરિકાનો એક વર્ષનો માસ્ટર્સનો કોર્સ. જેટલું મોંઘું ભણતર એટલી સારી શિક્ષા, એવી બધી ભ્રામક માન્યતા છે.

કાશ. કે રત્નો આપતા રત્નાશ્રમ કે સમાજને કેટલાય હીરા આપનારી સર્વોદય કે માટુંગા બોર્ડિંગ જેવી સંસ્થાઓમાં ભણવાનો ટ્રેન્ડ આવે. આવી સંસ્થામાં આપનાં સંતાનો હોય તો જ એ કુલ કહેવાય. કાશ કે પાઉડરથી કેરી પકવવા જેવા ગાંડા વાયરાને બદલે બાળકોને એમની પ્રતિભા સહજતાથી ખીલવા દેવાનો કુલ ટ્રેન્ડ આવે.

**દેશમાં કે પોતાના ગામમાં જ વેકેશન**

દુનિયાના નકશામાં શોધતા ન જડે એવા લોકેશન શોધવા, ત્યાં જવું અને પછી સોશિયલ મીડિયા પર લોકોને ઝટકો આપવો. ***ફિલિંગ એક્સાઇટેડ વિથ ટેન અધર્સ એટ તુર્કી*** કે પછી ઓસ્ટ્રિયા કે પછી કેપ ટાઉન.

કાશ. કે આપણા દેશની, આપણા ગામની માટીને પણ ક્યારેક આ ફેસબુકની વૉલ પર લઈ આવીએ. ગામના ઘરની અગાસી પર મોરના ટહુકાને ફેસબુક લાઈવ કરીએ. બપોરે તેતર કે રાત્રે ઘુવડને કૅમેરે કંડારીએ. કાશ. આવો પણ ટ્રેન્ડ આવે જ્યાં ગામના પાદર પર તમે પાડેલા ફોટો તમારા ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર ટેગ થાય.

**થોડા ફાટેલા કે લઘરવઘર કે અલગ ટાઇપના બૂટ, ચંપલ**

આપણા બૂટ થોડી પૉલિશ ઓછી હોય તોપણ બીજા દિવસે ઑફિસમાં HRની નોટિસ આવી જાય. કાશ. કે થોડા જૂના, લઘરવઘર કે થોડા ઘસાઈ ગયેલા બૂટ, ચપલની પણ ફેશન આવે.

થોડા સમય પહેલાં અનિલ અંબાણી એક પગમાં લાલ અને બીજા પગમાં બ્લુ બુટ પહેરીને મરીન ડ્રાઈવ પર જોગિંગ માટે નીકળેલા અને એ એક નવો ટ્રેન્ડ શરૂ થઈ ગયો હતો. કાશ. ઑફિસમાં પણ સામાન્ય જિંદગીમાં આપણાં જેવા સામાન્ય લોકો માટે પણ આવું ચાલી જાય તો વર્ષે દહાડે બૂટ, ચંપલના પરિવાર દીઠ પાંચ - સાત હજાર તો સહેજે બચી જાય.

**દાગીના**

''આ જો નવો નેકલેસ! હમણાં જ કરાવ્યો. ના રે. પહેલાવાળો દોઢ વર્ષથી પહેરતી હતી. કંટાળો આવી ગયો. લાઈફમાં કાંઈક ચૅન્જ તો જોઈએ ને.''

''આ બ્રેસલેટ દિવાળીનું બોનસ અને આ બુટિયા એમના પ્રોમોશનના.''

કાશ. આ દેખાદેખી બંધ થાય. 'દેખાડવા માટે જીવવા'ને બદલે, ''જીવીને દેખાડી દઈએ''. કાશ. જુના દાગીના, ખોટા દાગીના કે પછી ઓછામાં ઓછા દાગીન નો કોઈ ટ્રેન્ડ આવે.

કાશ. ''માની કે લકેને ખાયો'' એ વાત સંદતર ભૂલી જનારી પ્રજા એક વાત સમજે કે ''આંધળા ખર્ચનું અંતકાળે સરવૈયું'' શું હોય છે.

**કેટલુંક છૂટું છવાયું ફક્ત નવી પેઢી માટે**

૧. શરીરને ખૂણે ને ખાંચરે, ''ટેટૂ'' (આપણા જૂના જમાનાનાં છૂંદણાં) વગેરે માટે કલાકો સોઈની પીડાને સહન કરનારાઓ, ક્યારેક સારા પ્રસંગે યાદથી રક્તદાન કે પેટેલેટ દાન માટે આગળ આવે અને પછી અન્યને પ્રોત્સાહિત કરવા એને વાયરલ કરે. (આમ તો ''નેકી કર દરિયામેં ડાલ''નો અભિગમ હોવો જોઈએ, પણ કેટલીક બાબતોમાં, જો આપણને જોઈને કોઈ પ્રોત્સાહિત થાય, આપણને અનુસરે,

તો ''નેકી કર, સોશિયલ મીડિયા પે ડાલ''નો અભિગમ પણ જરૂરી).

૨. જૂનાં, મીઠાં, મધુરાં ગીતોને મારી મચડીને એ સોનેરી ગીતોને બેસુરાં કરનારા નવા આલ્બમ્સ સાંભળવાને બદલે ઑરિજિનલ ગીત, સંગીતને, એના શબ્દોને, એના મર્મને જાણે, પિછાણે અને માણે.

૩. નવાસવા કહેવાતા બેસ્ટ સેલર લેખકોની સાથેસાથે આપણાં મુન્શી, મેઘાણી, પ્રેમચંદ અને મંટોને પણ વાંચે અને એ ટ્રેન્ડને વાયરલ કરી અન્યોને પણ એ તરફ વાળે. રોજ સવારે ટાઈમ્સ અને બિસનેસ સ્ટાન્ડર્ડનાં મથાળાં નજર હેઠળ કાઢવાની સાથે સાથે આપણી ખબરપત્રિકા, આપણી પગદંડી પર પણ નજર ફરાવે.

**છેલ્લે...**

છેલ્લે એટલું જ ઉમેરવાનું કે, આ નવી ફૅશન, કુલ ટ્રેન્ડ શરૂ કરવાનું, કરાવવાનું મારું કે તમારું ગજું નહીં. આમાંના કેટલાક પ્રયોગોમાં તો સમાજના અંબાણી, અદાણી, ટાટા અને બિરલા એજ પહેલ કરવી રહી. એ લોકો જો કાંઈ નવો ચીલો ચિતરશે, તો આખો સમાજ એમની પાછળ દોરવાતો ચાલ્યો આવશે. એ લોકો સાદગી તરફ વળશે તો આપણને સૌને ''દોડવું છે અને ઢાળ મળશે''

આપણને સૌને આવી કુલ ફૅશન ગમશે, આ સાદગી પરવડશે, ગજવાને પોસાશે અને સારા-નરસા સમય માટે થોડી મૂડી બચશે એ બોનસમાં.

સમાજનાં મોટાં માથાં સિવાય કોઇ આ કામ કરી શકે તો એ છે આજની નવી પેઢી. નવી મિલેનિયમ જનરેશન, જેની દરેક વસ્તુને જોવાની, સમજવાની અલગ નજર છે. એમની પાસે જિંદગી જીવવાનો નવો ફંડા છે. એમની વાત થોડી કડવી, તોછડી કે બહુ ખટકે એવી હોઇ શકે, પણ સાવ નકારવા જેવી તો નથી જ.

આ નવી પેઢીને માટે આવા નવા ટ્રેન્ડ, ફૅશન શરૂ કરવી ડાબા હાથનો ખેલ છે. વળી, આ નવી પેઢીમાં એવો પણ વર્ગ છે, જેમને જે પણ કરવું છે, કોઈને બતાવવા માટે નથી કરવું. એ લોકો દરેક વસ્તુને પોતાની રીતે જોશે, મૂલવશે અને જો એમને એ વાત મગજમાં બેસશે તો એ કોઈના કહેવા, સાંભળવાની પણ રાહ નહીં જુએ. તો ચાલો, નવી ફૅશન, નવા ટ્રેન્ડને આ લગ્નગીતને થોડું એડિટ કરી વધાવી લઈએ.

ફૅશન આવી. ફૅશન આવી.
ફૅશન કરવા દેજો
જો સમાજને નવી રાહ મળતી હોય તો
વેવાઈ, મારા બેની/ભાઈ ને કાંઈ ન કહેજો.

- રતાડિયા ગણેશવાલા
મો. ૯૮૯૨૮૧૫૩૬૭

# અનોખું કાઠગોલા

**જ્યોતિ મોતા**

*ગતાંકથી આગળ ચાલુ....*

અજીમગંજની વહેલી સવાર ધમાલ પછી કમાલની રહી. અહીંનાં અત્યંત પ્રાચીન ત્રણ જિનાલયોનાં દર્શન કર્યાં. અન્ય જિનાલયો દૂર હતાં અને ૧૦ થી ૧૨ વાગ્યા સુધીમાં બંધ થઈ જતાં હોવાથી એ આવતી કાલે સવારે જોવા મુલતવી રાખ્યાં, જેની વાત આગળ થઈ ગઈ. મારી તત્કાલ ટિકિટ ન થઈ હોવાથી મારી પાસે આવતી કાલનો પણ આખો દિવસ હતો.

મારે આજે બપોરે સામે કિનારે આવેલ સુંદર જિયાગંજની મુલાકાત લેવી હતી અને પૂજા કરવી હતી. સવારે ગુજરાતી યાત્રિકો સાથે જવાનો કોઈ મેળ ન થયો એટલે મેં નાવડીથી જવાનું નક્કી કર્યું. જમવા માટે ધર્મશાળાના ભોજનાલય ગઈ. ફરી પૂજાનાં વસ્ત્રોમાં તૈયાર થઈ નીકળી પડી સામે કિનારાનું સૌંદર્ય માણવા.

અજીમગંજ અને જિયાગંજને જોડતો એકમાત્ર માર્ગ એટલે નાવડી. વૃદ્ધ દાદાના કહેવા મુજબ હું અડધો કિ.મી. ચાલી પહોંચી ગંગા તટે જ્યાંથી મને નાવડી મળવાની હતી. અહીં પહોંચ્યા બાદ મેં જે દૃશ્યો જોયાં તે મને દશકો જૂના દાદા-નાનાના સમયમાં લઈ ગયા! એવું શું હતું અહીં?

સામસામેના ગામમાં જવા અહીં સદીઓ પુરાણી નૌકાઓ દશકોથી આ ગામથી સામે ગામ લોકોને લઈ જાય. આ બે ગામોને જોડતો એક જ રસ્તો છેઃ જળમાર્ગ! બીજો કોઈ નહીં. એક ગામથી બીજે ગામ જવું હોય તો ગંગા પાર કરવી પડે અને એ પણ જૂના જમાનાની અસલ મોટીમોટી નૌકાઓમાં.

સામેનું દૃશ્ય તો એથીય વધુ લોભામણું હતું. આખા કાંઠે નારિયેળીનાં વૃક્ષો અને ગંગાનો અથાગ જળરાશિ. હું તો ત્યાં થોડી વાર ઊભી રહી અને એ દૃશ્યોને આંખોથી પીતી રહી. મન થયું કે આ જળમાં છલાંગ મારી તરતીતરતી પહોંચી જાઉં પેલે પાર, પણ હાય રે! મને ક્યાં તરતા આવડતું હતું? કદાચ તરતા આવડતું હોત તોપણ પ્રિયતમ એવા સાગર સાથેના મિલન માટે ગાંડીતુર બનેલી આ સખી સહેલી ગંગા મને પેલે પાર પહોંચવા દેત? મને પણ એમના મિલનની સાક્ષી બનવા સાથે લઈ જાત. એ ઉપરથી ભલે શાંત-ગંભીર દેખાતી હતી, પણ ભીતર ને ભીતર એનો ધસમસતો અસીમ પ્રવાસ દોડી રહ્યો હતો

પ્રિયતમને મળવા! હું એને કંઈ કહું તો થોડી સાંભળવાની હતી! પરાણે મેં મારી દૃષ્ટિ ત્યાંથી હટાવી ધીરેથી પહોંચી નૌકાઓ પાસે.

અહીં તો નદી પાર કરવા માનવમેદની પોતાના ભારી ભરકમ સામાન, બાઈક, સ્કૂટર, રાચરચીલું બધું લઈ ઊભી હતી! જમીન માર્ગ તો કદાચ અહીં માઈલો દૂર હશે? મને મારા બોરીવલીનો ગોરાઈ કિનારો 'જેટ્ટી' યાદ આવ્યો. ગામડાંના લોકો પોતાના માલસામાન સાથે ગોરાઈ ક્રિક પાર કરી ગોરાઈ ગામમાં આમ જ જાય. આ બંને જગ્યામાં ફરક હતો તો એટલો જ કે નૌકાનાં આકાર અને કદ અલગ હતાં. મુંબઈમાં હવે અદ્યતન નૌકાઓ છે, જ્યારે અહીં સેંકડો વર્ષ જૂના જમાનાની નાવડીઓ, તે પણ તરાપા જેવી!

નૌકામાં બેસતાં પહેલાં મેં બીજું આશ્ચર્ય જોયું! તે એ કે બધા લોકો એક થાળીમાં બે બે રૂપિયાના સિક્કા નાખતા જતા હતા. થાળીમાં આટલા બધા બે રૂપિયાના સિક્કા! આ શું થઈ રહ્યું હતું? મને કશું ન સમજાયું. મેં કોઈકને ટિકિટ માટે પૂછ્યું, ''બોટ મેં જાને કી ટિકિટ કહાઁ સે મિલેગી?''

તો જવાબ મળ્યો, ''દો રૂપયે કા સિક્કા ઈસ થાલી મેં ડાલ દો!?''

''ક્યા?''

હું તો આભી જ બની ગઈ! બે રૂપિયા ફક્ત! આટલો બધો સામાન હોય તોપણ ! હું કયા જમાનામાં પહોંચી ગઈ? હા, એવું જ હતું. બે રૂપિયામાં માલસામાન સાથે સામે કિનારે પહોંચી શકાય અને બે રૂપિયામાં પાછા આ કિનારે આવી પણ શકાય! અહો આશ્ચર્યમ્! અને નૌકામાં બેસવાનો અલગ આનંદ !

જિયાગંજ જવું હોય કે પછી અજીમગંજ, કે પછી રેલવેસ્ટેશન. લોકોએ આ નૌકાવિહાર કરવો જ પડે. ત્રણ શહેરના લોકો રોજ રોજિંદા કામકાજ માટે આ જ જળમાર્ગનો ઉપયોગ કરે. બિહારની જેમ અહીં પણ ગરીબી તો ખરી જ. સામાન્ય લોકોને વધુ ટિકિટ ન પોસાય. આ બધા આશ્ચર્ય સાથે હું નૌકામાં બેઠી. લોકો સાથે વાતો કરી. ફોટા તો હોય જ! નૌકામાં બેસવાનો આનંદ લેતા સૌ પાંચ મિનિટમાં પેલે પાર પહોંચી ગયા.

સામે પારથી અજીમગંજ શહેર પણ ખૂબ સુંદર દેખાઈ રહ્યું હતું. બંને ગામડાં નારિયેરી અને અન્ય વનરાજીથી સોહામણા લાગી રહ્યાં હતા. પ્રકૃતિની છટા વચ્ચેથી વહેતું આ ગંગાનું શાંત-સૌમ્ય વહેણ પ્રકૃતિપ્રેમીઓને કલાકો સુધી કાંઠે બેસવા ખેંચે તેવું છે. ક્યાંય ન જવું હોય તો પણ અહીં ગંગાનો લાંબો નૌકાવિહાર કરવાનો અનોખો લહાવો માણી શકાય. ગંગાવિહાર કરતા બન્ને ગામડાંઓના

તટની શોભા નિહાળી શકાય. નાનકડી હોળીના નાવિકને એક દિવસની રોજી આપો એટલે એ કલાકો સુધી ગંગા સહેલ કરાવે. આ પ્રકૃતિની ગોદમાં ટહેલવા મારી પાસે આવતી કાલનો પૂરો દિવસ હતો. હમણાં તો પૂજાનાં કપડાંમાં હતી અને ભેટવું હતું જિયાગંજનાં જૈન જિનાલયામાં બેઠેલા પરમાત્માઓને.

બોટમાંથી ઉતરીને બહાર આવી. જિનાલય બે કિમી અંદર હતું. ભોજન કર્યા બાદ હું તડકામાં ચાલવા નહોતી ઇચ્છતી. અહીં પેઢીમાંથી સવારના કહેવાઇ ગયું હતું કે યાત્રિકો આવવાના હોવાથી જૈનમંદિરો મોડે સુધી ખુલ્લાં રાખે. સમય બચે તો અહીંથી મેં કાઠગોલા અને મહિમાપુર જવાનું વિચાર્યું હતું. રિક્ષા કરી પહોંચી જૈન મંદિર. રિક્ષાવાળાને પૈસા આપીને ઊતરી. રાજમહેલ જેવી શોભા ધરાવતા જિન પ્રાસાદને હું એકટક જોતી જ રહી ગઈ. આગળ વધી, પણ દરવાજાને તો તાળું લાગેલું હતું! આજુબાજુ કોઈ પણ ન દેખાયું. કોને બૂમ પાડું? બની શકે છે કે પેઢીમાંથી સૂચના જ ન અપાઈ હોય અથવા તો હું વધુ મોડી પડી હોઉં? થોડી વાર બહારથી મંદિરની શોભાને જોતી રહી. વધુ સમય બગાડવો પાલવે તેમ નહોતું. અહીં હું આવતી કાલે ફરી આવી શકું એમ હતી. ફરી એકવાર હું રિક્ષાની રાહ જોતી ઊભી રહી. બોટથી રિક્ષામાં અહીં પહોંચતા સુધી અંદાજ આવી ગયો હતો કે હું એક સમયના ખૂબ સમૃદ્ધ ગામડામાં આવી ગઈ છું. હજી કાઠકોલા અને મહિમાપુરનાં આશ્ચર્યો તો રાહ જોઈ રહ્યાં હતાં. જે અહીંથી પાંચ - સાત કિલોમીટર દૂર હતાં. પોણા કલાક બાદ રિક્ષા મળી. ગામડાના સીમાડેસીમાડે પસાર થતી રિક્ષા ઊભી રહી એક ગામમાં. ત્યાં મેં માનવમેળો જોયો! આટલા નાનકડા ગામમાં આટલા બધા લોકો! લોકોની સાથેસાથે હું પણ આગળ વધી. કોઈકને પૂછી લીધું કે આજે કોઈ તહેવાર છે કે કોઈ પ્રસંગ? આટલા બધા લોકો ક્યાં જઈ રહ્યા છે? ખબર પડી કે આ બધા તો સ્થાનીય લોકો છે. રજાના દિવસો હોવાથી અહીં તેઓ ફરવા આવ્યા છે!

**આશ્ચર્યમાં ઊઘડતું અનોખું કાઠગોલા!**

અહીં એવું તે શું જોવા જેવું હશે? કે આટલા બધા લોકો! હું તો એટલું જ જાણતી હતી કે અહીં જગતશેઠ દ્વારા બનાવેલઊં જૈન મંદિરો જ છે, જે જોવા જેવા છે. તરત ગૂગલ સર્ચ કર્યું. અહીં તો મોટો ઇતિહાસ નજરે પડ્યો. પેલા દાદા કહેતા હતા તે બધું તો અહીં ભરેલું પડ્યું હતું! હમણાં તો કશું વાંચવાનો સમય નહોતો. હવે જે આશ્ચર્ય સામે આવે તેને જોવાનું બાકી હતું, બસ! કાઠગોલામાં મહેલ, બર્ડ સેન્ચ્યુરી અને મંદિર તેમ જ મુર્શિદાબાદમાં જગતશેઠનાં ઘર અને મંદિર જોવા જેવા છે. અહીં આટલું બધું જોવા જેવું છે? મેં જૈન મંદિરો વિશે પૂછ્યું તો ખબર પડી કે આ બધાં લોકો જ્યાં જાય છે ત્યાં સાથેસાથે મારે જતાં

રહેવું. મંદિર અંદર જ છે. અંદર દાખલ થતા લોકો પાસેથી ટિકિટ લેવાઈ રહી હતી! મેં કહ્યું, ''મુઝે જૈન મંદિર જાના હૈ તો કિસ બાત કી ટિકિટ?''

''આપ જૈન હો?.... કહાં સે આયે હો....?'' વગેરે વગેરે. યાત્રિક છું એમ સમજી જતાં મને કહ્યું કે આ ગેટથી સીધા છેલ્લે છેવાડે સુધી ચાલી જવા કહ્યું. હજી સુધી હું એ નહોતી સમજી શકી કે જૈન મંદિરો સાથે મહેલ અને પક્ષીઘર!

જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ જાણે એક રાજવૈભવશાળી જગ્યામાં પેસી રહી હોઉં એવો અનુભવ થવા લાગ્યો. ખૂબ મોટા પરિસરમાં બાગ-બગીચા, મહેલ-મંદિરો, ભવ્ય જિન પ્રાસાદો, વિદેશી કલાકારીગરીવાળાં પૂતળાંઓ અને વળી પક્ષીઘર પણ અહીં! હજુ પણ પૂરું ચિત્ર નહોતું ઊપસતું. એટલો તો અંદાજ આવ્યો કે હું કોઈ સમૃદ્ધ-સંપત્તિવાન વ્યક્તિની અંગત વિરાસતમાં દાખલ થઈ છું! આ રાજવૈભવશાળી જગ્યા કોઈ જૈનની હોઈ શકે એ નહોતી માની શક્તી! વિદેશી કલાશૈલી, વિદેશી સ્થાપત્યવાળો મહેલ, વિદેશી ઠાઠ! આ બધું જૈનોનું હોઈ શકે? શા માટે? પણ સંકુલમાં જિન પ્રાસાદ સાક્ષી પૂરી રહ્યા હતા કે આ બધું જૈન શ્રેષ્ઠીઓનું છે. એમણે આ બધું બનાવ્યું છે અને બધી જ સંપત્તિ જૈનોની છે. તો પછી અહીં બધે જ પાશ્ચાત્ય છાંટ શા માટે?

પહેલા પ્રભુદર્શન કરી પછી મારી ડાયરી અને ઈતિહાસની ઝલક જોઈ લેવી એવું વિચારી હું આગળ વધી અને જૈન મંદિરમાં પ્રવેશ કર્યો. દર્શન-પૂજા-ચૈત્યવંદન આરામથી કર્યાં. થોડી વાતો પૂજારીએ કહી હવે ખબર પડી કે હું તો અહીં જૈન શ્રેષ્ઠીઓ અને જમીનદારોનાં નગરોમાં પહોંચી હતી, જેઓ તે સમયે ત્યાંના રાજા કહેવાતા હતા. આ બધી જાહોજલાલી જગતશેઠ, દુગડશેઠ અને બીજા ઘણા જૈન શ્રેષ્ઠીઓની નિજી સંપત્તિઓ છે! જે હવે સરકારને હવાલે કરી દેવાઈ છે.

**શ્રી આદિનાથ જૈન શ્વેતાંબર મંદિર - કાઠગોલાઃ**

**મૂળનાયકઃ** શ્રી આદિનાથ ભગવાન. શ્વેતવર્ણ, પદ્માસનસ્થ.

***તીર્થ મહિમાઃ*** વિક્રમ સંવત ૧૯૩૩માં (ઈ.સ.૧૮૭૭) **બાબુ લક્ષ્મીપતિસિંહ દુગડે** પોતાની માતા **મહેતાબકુંવર**ની પ્રેરણાથી એક વિશાળ ઉદ્યાનમાં આ જિનાલય બનાવ્યું છે. સંગેમરમરના ત્રણ ગુંબજવાળા વિશાળ જિનાલયના સ્થાપત્યમાં સ્થાનીય બંગાળી, રાજસ્થાની, મોગલ અને યુરોપિયન વાસ્તુકળાનું મિશ્રણ જોવા મળે છે. જેથી બેહદ સુંદર અને શાનદાર દેખાતા આ મંદિરની વાસ્તુકલા અનોખી અને અદ્વિતીય છે.

મૂળનાયક ભગવાન શ્રી આદિનાથજીની પ્રતિમા ૯૦૦ વર્ષ પ્રાચીન અને પ્રભાવશાળી

છે. એની ઊંચાઈ ૯૦ સે.મી.ની છે. અહીં અન્ય દેવી-દેવતાઓની કુલ ૧૭ મૂર્તિઓ સ્થાપિત છે. મંદિરના પ્રવેશદ્વાર પર બે બાજુ સંગેમરમરના ગજરાજ છે. જેની કલાશૈલી અનોખી અને અતુલનીય છે. જિનાલયની અંદર-બહાર આવેલ બધી જ મૂર્તિઓ કલા કૌશલ્યના અસાધારણ નમૂના પેશ કરે છે. મંદિરના ગુંબજ ઉપર મોગલ શૈલીનો સ્પષ્ટ પ્રભાવ જણાય છે. જ્યારે મંદિરનો આગળનો દેખાવ યુરોપિયન બંગલો શૈલી છે. અંદરના ભાગમાં પારંપરિક જૈન પદ્ધતિ વપરાઈ છે. મંદિરનું ફર્સ મોઝેક ટાઇલ્સનું અને દરવાજા-બારીઓ પર રંગબેરંગી વિદેશી કાચ જડેલા છે. રાજસ્થાની શૈલીની મૂર્તિઓ અને બંગાળી સ્થાપત્યની ઝલક અહીં જોવા મળે છે.

મંદિરની બાજુમાં જ જિનદતસૂરિ દાદાવાડી આવેલી છે. મંદિર-મહેલ-બગીચા-તળાવ-બાવડી-કુંડ-પક્ષી સંગ્રહાલય બધું જ ૩૦ એકરના સંકુલમાં ફેલાયેલું છે. વિશાળતા અને સુંદરતાનું સંયુક્ત ઉદાહરણ પૂરું પાડતું આ સ્થાન યાત્રિકોને આકર્ષે એવું છે. પર્યટકોનો અહીં સતત ધસારો રહે છે. આ જૈન મંદિર કાઠગોલા જૈન મંદિર તરીકે પણ ઓળખાય છે.

કાઠગોલા અને મુર્શિદાબાદમાં રહેવા માટે અનેક ધર્મશાળાઓ અને અન્ય સ્થળો ઉપલબ્ધ છે. નસીપુર ગામના રેલવેસ્ટેશનથી કાઠગોલા ત્રણ કિલોમીટર દૂર આવેલ છે.

પર્યટકો સૌ પહેલાં નાનકડું ચીડિયાઘર, ત્યાર બાદ વચ્ચેવચ્ચે સુંદર યુરોપિયન પૂતળાં, ફૂલોના બાગ-બગીચાઓ, મહેલ, બાવડી અને મંદિરો જોઈ શકે છે. અહીં ઘણાં પર્યટકો આવતા હોવાથી રખરખાવ માટે પ્રવેશ શુલ્ક ફક્ત રૂા. ૩૦/- રાખવામાં આવ્યો છે. જૈનો માટે કોઈ શુલ્ક નથી.

ઉદ્યાનની શોભા નિહાળતી નિહાળતી હું જૈન મંદિરે પહોંચી. દર્શન-પૂજા કરી પૂજારીને બક્ષિશ આપી બહાર નીકળી. આ સ્થાન અને દુગડ પરિવારની જાહોજલાલીની ઘણીબધી વાતો પૂજારીએ કરી. મહેલ વિશે થોડી માહિતી આપી અને જોવા જવા કહ્યું. સાથે હું જૈન હોવાથી ટિકિટ ન કઢાવવી એવું પણ સૂચવ્યું. ઉદ્યાનની શોભા નિહાળતી હું મહેલમાં પહોંચી.

**કાઠગોલા પેલેસ ગાર્ડન - બાગાન બાડી:** આ ભવનનું નિર્માણ લક્ષ્મીપતિસિંહ દુગડે કર્યું. કાષ્ઠ - કાઠ (લાકડી), ગોલા (ગોદામ), ગોલા-ગુલાબ. આ કાઠગોલા ક્યારેક લાકડાના રંગીન ગુલાબો માટે ખૂબ પ્રસિદ્ધ હતું તેથી આ સ્થળ કાઠગોલા નામથી ઓળખવામાં આવ્યું. એ સમયે અહીં પર્સિયાથી મંગાવેલા કાળા ગુલાબોની ખેતી થતી હતી. હવે અહીં આમ્રવન બનેલું છે. અહીં આવેલ ઉદ્યાન અને મહેલને 'કાઠગોલા બાગાન બારી' પણ કહે છે.

અહીં બનેલ ચાર માળનો મહેલ યુરોપિયન બંગલા જેવો લાગે છે. આ મહેલ સોનેરી પીળા રંગથી અને ઊંચા થાંભલાઓથી બનેલો છે. આ મહેલની મૂલ્યવાન ચિત્રકારી, કલાકૃત અરીસાઓ, ભવ્ય રાચરચીલું અને મુખવટાઓથી સજાયેલો છે. ચારે માળમાં લાકડાનો ઉપયોગ થયો છે. આ મહેલમાં વાસ્તુકળાનો સુંદર ઉપયોગ કરેલ છે. અહીં જૈન પરિવારના ઉચ્ચ શ્રેષ્ઠીઓ, અંગ્રેજો અને નવાબોનાં ચિત્રોને પ્રદર્શિત કરાય છે. આ જૈન શ્રેષ્ઠીઓ અંગ્રજો અને નવાબોને નાણાં ધીરતા હતા! મહેલની અંદર-બહાર વિદેશી સ્થાપત્યની ઝલકો જોવા મળે છે. ઉપરથી સમસ્ત ઉદ્યાનનું વિહંગાવલોકન રોમાંચક દેખાય છે. મહેલની સામે સરોવર, મંદિરનાં ધવલ શિખરો, શિખરો પર લહેરાતી ધજાઓ, વનરાજિ અને પક્ષીઓના કલરવથી ઉદ્યાન એક અનોખી અનુભૂતિ કરાવે છે. વળાંકદાર સીડીઓની કલાત્મક રચના જોતીજોતી હું પૂરો મહેલ જોઈ બહાર આવી.

મહેલના પ્રવેશદ્વાર પાસે માઈકલ એન્જેલોની સંગેમરમરની કલાત્મક મૂર્તિ છે. અહીં એક સુરંગ પણ છે જે હવે બંધ કરી દેવાઈ છે. ઉદ્યાનમાં તલાવડી અને બાવડી બંને જોવા જેવા છે. ચારેબાજુ વૃક્ષોથી આચ્છાદિત આ સ્થાનમાં આરામ પણ કરી શકાય છે.

**પક્ષી સંગ્રહાલય :** અનેક પિંજરાંઓમાં ભિન્નભિન્ન જાતિઓ અને રંગોથી શોભતાં સ્થાનીય અને વિદેશી પક્ષીઓ રાખેલ છે. મોસમને અનુરૂપ આ પક્ષીઓને ખાવા-પીવાનું અપાય છે અને યોગ્ય માવજત કરાય છે. એમનો મીઠો કલરવ સાંભળતી અને એમની હરકતોને જોતી રહી. આટલા નાના શહેરમાં પક્ષી સંગ્રહાલયનું હોવું પણ આશ્ચર્ય જ કહેવાય! હું બધું ફટાફટ જોઈ અને બહાર નીકળી. મારી પાસે હવે ખૂબ ઓછો સમય હતો અને મહિમાપુર (મુર્શિદાબાદ) જોવાનું બાકી હતું.

સવારથી ચાલીચાલીને થાકી હતી. એક કિલોમીટર દૂર મહિમાપુર ચાલીને જઈ શકું તેમ હતું, પણ સમય બચાવવાના ચક્કરમાં રિક્ષા માટે ઊભી રહી. અડધો કલાક નકામો ગયો. ફરી આગળ વધી એટલે વચ્ચેથી રિક્ષા મળી ગઈ. થોડે આગળ ફરી હું એક કલાત્મક નગરીમાં પહોંચી. આ પણ જૈનોનું વર્ચસ્ ધરાવતું નગર હતું. અહીં નવાબો દ્વારા સ્થાપિત વિરાસતોનાં દર્શન થઈ રહ્યાં હતાં. મેં જગતશેઠ વિશે થોડું વાચ્યું હોવાથી પહેલા જૈન મંદિર અને જગતશેઠના મહેલો જોવા ગઈ.

ક્રમશઃ

મો.: ૯૯૩૦૫ ૦૮૪૦૭

# નવકાર મંત્રઃ દિવ્યલોકની ચાવી

(મહાવીર વાણી)

**✲ લેખક : ઓશો - સંક્ષિપ્ત ભાવાનુવાદઃ લાલ રાંભિયા ✲**

જેમ પર્વતોમાં હિમાલય, શિખરોમાં ગૌરીશંકર એમ વ્યક્તિઓમાં મહાવીર છે. મહાવીર એક એવી સંસ્કૃતિના અંતિમ પુરુષ છે કે જે સંસ્કૃતિનો વિસ્તાર ઓછામાં ઓછો દસ લાખ વર્ષ છે. નવકાર મંત્રને જૈન પરંપરાએ મહામંત્ર તરીકે સ્વીકાર્યો છે. દુનિયાભરના ધર્મોના પાંચ-સાત મંત્રો જ નવકાર મંત્રની બરાબરી કરી શકે. વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે કે જગતમાં ઉચ્ચારાતો કે ઉદ્‌ભવતો કોઈ પણ ધ્વનિ ક્યારેય નષ્ટ થતો નથી. એ અનંત આકાશમાં સંગ્રહિત થતો રહે છે.

મંગલ ભાવનાસભર મંત્રોચ્ચાર આપણી ફરતેના આકાશમાં ગુણાત્મક વલયોનું વર્તુળ રચે છે. વિજ્ઞાનની ભાષામાં 'a different quality of space' સર્જાય છે. આમ પ્રત્યેક વ્યક્તિ પોતાની આસપાસ એક આભામંડળ (aura) લઈને જીવે છે, શરીરની આસપાસ અદૃશ્ય વિદ્યુત વર્તુળ (electro dynamic field) સાથે લઈને વિહરતો હોય છે. જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય છે ત્યારે એના આભા મંડળને વિસર્જિત થતાં ત્રણ દિવસ લાગે છે. એ દૃષ્ટિએ વાસ્તવિક મૃત્યુ ત્રીજા દિવસે થાય છે. મંત્ર, આભામંડળનો બદલવાની આમૂલ પ્રક્રિયા છે. જૈન પરંપરા પાસે નવકાર મંત્ર છે.

**નમો અરિહંતાણમ્**
**નમો સિદ્ધાણમ્**
**નમો આયરિયાણમ્**
**નમો ઉવઝઝાયાણમ્**
**નમો લોએ સવ્વસાહૂણમ્**
**એસો પંચ નમ્મુકારો,**
**સવ્વપાવપ્પણાસણો,**
**મંગલાણં ચ સવ્વેસિં,**
**પઢમં હવઈ મંગલમ્.**

અર્થાત્, અરિહંતોને નમસ્કાર, સિદ્ધોને નમસ્કાર, આચાર્યોને નમસ્કાર, ઉપાધ્યાયોને નમસ્કાર, સૌ સાધુઓને નમસ્કાર. આ પાંચ નમસ્કાર પાપનાશક છે એટલે સર્વ મંગલરૂપ છે, પણ પાપ સીધા નાશ નથી પામતાં. આપણી આસપાસનું આભામંડળ રૂપાંતરિત થઈ જાય છે. પરિણામે પાપ કરવા અસંભવ બની જાય છે. નમનનો અર્થ છે સમર્પણ. મંત્રોચ્ચાર સાથે સમર્પિતભાવ હોવો જોઈએ. શબ્દ, વિચાર, તરંગમાં ભાવ સંગ્રહિત થઈ

આધ્યાત્મિક શક્તિમાં રૂપાંતરણ પામે છે. મંત્રની આ જ આધારશિલા છે.

નોંધપાત્ર બાબત એ છે કે નવકાર મહામંત્રમાં કોઈનું પણ નામ નથી; ન જૈન પરંપરાનું કે ન ચોવીસ તીર્થંકરોનું! કારણકે જૈનો સ્વીકારે છે કે અરિહંત, સિદ્ધ વગેરે અન્ય પરંપરાઓમાં પણ થયા છે. એ તમામને નમસ્કાર! આ દૃષ્ટિએ નવકાર મંત્રનું વિચાર સ્વરૂપ છે. અહીં એ સ્પષ્ટપણે સમજી લઈએ કે આપણા આ નમસ્કારથી આ 'પાંચ'ને કાંઈ ફરક નથી પડતો. ફરક પડે છે ભાવથી નમસ્કાર કરનારને! જે નમે છે એની ભીતર બધું બદલાઈ જાય છે; શુભ થઈ જાય છે.

મહાવીર ના આ 'પાંચ' આપણા નમસ્કાર માટે નિમિત્ત બન્યા એટલું પૂરતું છે. આપણે નવજીવનમાં પ્રવેશ કર્યો. આમ નવકાર મંત્ર સર્વવ્યાપી છે. એનાં પાંચ ચરણમાં, જગતમાં જેઓએ કંઈ જાણ્યું છે, જીવ્યું છે, પ્રાપ્ત કર્યું છે; જેઓ જન્મ-મરણનાં અંતરતમ્, ગહન રહસ્યોથી પરિચિત થયા છે; શરીરથી પાર કંઈ લાધ્યું છે; મૃત્યુ પર વિજય પ્રાપ્ત કર્યો છે એ સૌને નમસ્કાર!

''નમો લોએ સવ્વસાહૂણમ્'' એટલેકે ન કેવળ પૃથ્વી પર પણ લોકપરલોકમાં; સમય અને ક્ષેત્ર બન્નેમાં જેઓ ભૂતકાળમાં થઈ ગયા, ભવિષ્યમાં થશે અને વર્તમાનમાં છે, એ સર્વ સાધુઓ કે જેમણે જ્ઞાનની જ્યોતિ પ્રગટાવી છે એમને મારા ભાવપૂર્વક નમસ્કાર! પૂર્ણતઃ ભાવથી કરાયેલ આ નમસ્કાર પછી આપણા હૃદયના દ્વાર આપોઆપ ખૂલી જશે અને મહાવીરની આધ્યાત્મિક સંપદા એમાં સ્થાન પામશે. શ્રદ્ધા વિના નમન અસંભવ છે અને નમન અસંભવ હોય તો સમજ કે જ્ઞાન અસંભવ છે. શ્રદ્ધા થકી આપણાં હૃદયમાં અલ્ટ્રા વેવ્ઝ ઉત્પન્ન થાય છે જેના થકી પરમ શાંતિની અનુભૂતિ થાય છે જે ધ્યાનમાં પરિણમે છે.

નવકારમંત્રસાધકને ટેલિપથિક જગતમાં પ્રવેશ અપાવી શકે છે. જો આપણે ખરા અર્થમાં 'ખાલી' થઈ જઈએ, હૃદયના ઊંડાણમાં, આપણી અચેતન અવસ્થામાં અહંકાર ઓગળી જાય છે; સવ્વ પાવપણાસણો-તમામ પાપ નાશ પામે છે.

જેજે સાધકોએ પોતાની જાતને અરિહંતોને સમર્પિત કરી છે. એ અરિહંતોની મહાધારામાં શ્રાવકની, સાધકની આરાધના પણ ભળે છે. આકાશમાં અરિહંતભાવની આસપાસ સંગ્રહાયેલ તરંગોમાં, આભામંડળમાં સાધકના તરંગ પણ ઉમેરાય છે. ચોમેર દિવ્યતાની વર્ષા થાય છે. આ ભાવજગતની સીડીઓ ચડતાં-ચડતાં સાધકનું રૂપાંતરણ થતું જાય છે. આમ નવકાર મંત્ર મંગલકારી છે.

મો : ૯૦૨૨૨૯૧૧૪૪

# સ્વાસ્થ્ય અને પરિવાર

✻ શિલ્પા સમીર વોરા ✻

મારી મમ્મીને હૉસ્પિટલમાં એડમિટ કર્યાં ત્યારે એમની તબિયત થોડી નાજુક હતી. એક પછી એક, એમ બેથી ત્રણ સર્જરી થઈ. લગભગ દોઢ મહિનો મમ્મી હૉસ્પિટલમાં હતા. હૉસ્પિટલથી ઘર અને ઘરથી હૉસ્પિટલ એ મારો નિત્યક્રમ થઈ ગયો હતો, પણ પરિવારના સાથને લીધે એ કપરો સમય પણ સચવાઈ ગયો.

એ દોઢ મહિના દરમિયાન હૉસ્પિટલમાં ઘણા જુદાજુદા માણસો સાથે મારી મુલાકાત થઈ. કેટલાક દર્દીઓ એવા હતા જેનાં બાળકો વિદેશમાં સ્થાયી હતાં. તો કોઈ દર્દીનાં બાળકોને કામ પરથી રજા નહોતી મળતી.

કોઈ દર્દીના તો સંબંધીઓ જ ન હતા. ખૂબ તકલીફમય હતું, તેઓને પથારીમાં એકલા જોવા અને એ જ સમયે ઘણા એવા દર્દીઓને પણ હું મળી જેમના સંબંધીઓ ચોવીસ કલાક તેમની સેવામાં હાજર રહેતા.

એક અનુભવ મેં એવો કર્યો કે જેમાં મારું મન ભાવવિભોર થઈ ગયું. મારાં મમ્મીના બાજુના વૉર્ડમાં ૭૫ વર્ષનાં પારસી આંટી હતાં. તેમના મિસ્ટર સાથે ચેકિંગ કરાવવા આવ્યા હતા પણ રિપોર્ટ બહુ સારા ન હતા એટલે ડૉક્ટરે એમને એડમિટ થવાનું કહ્યું.

આંટીને એડમિટ કરાવી અંકલ ઘરે જઈ રહ્યા હતા એટલે આંટી ખૂબ જ નર્વસ હતાં. એમણે અંકલને ન જવા માટે કહ્યું. એમને રોકવાનો ખૂબ પ્રયાસ કર્યો પણ અંકલ રોકાઈ શકે તેમ ન હતા, કારણ કે એમને આંટીના ઍડ્મિશનની લીગલ ફોર્માલીટીસ પૂરી કરવાની હતી. ઘરે જઈને આંટીના બીજા રિપોર્ટ્સ લાવવાના હતા. તે સિવાય બીજા પણ નાનાં મોટાં કામ પૂરા કરવાનાં હતાં. અંકલ અને આંટી, બંને એકલાં જ હતાં.

તેમના પરિવારનો અન્ય કોઈ સભ્ય ત્યાં હાજર નહોતો. જ્યારે અંકલ જઈ રહ્યા હતા. ત્યારે આંટીની આંખોમાં આંસુ હતાં.

હું આ બધું જોઈ રહી હતી. ખૂબ લાગણીસભર દૃશ્ય હતું. મારી આંખો પણ ભીની થઈ ગઈ.

એ દરમ્યાન જ એક ૮૦ વર્ષનાં બા

ઍડમીટ થયાં હતાં. એમને મળવા એમના કુટુંબીજનો આઈસીયુ વૉર્ડની બહાર હાજર હતા. બસ ડૉક્ટર હા પાડે તો એકએક કરી બધા એમને મળવા આવે. એમના પરિવારને એક સાથે ઊભો જોઈ મારું હૃદય પણ ખુશ થઈ ગયું.

બહુ જ જુદો અનુભવ હતો. એક તરફ એક સ્ત્રી એકદમ એકલી તો બીજી તરફ એક સ્ત્રી, જેના માટે આખો પરિવાર તેમની ચિંતામાં ઊભો હતો.

મારા હૃદયમાં મિશ્ર લાગણીઓ ઊભરાઈ આવી હતી. એક તરફ ખુશીના આંસુ હતા તો બીજી તરફ મન થોડું દુઃખી હતું.

આ દોઢ મહિનાના સમયે મને ઘણુંબધું શીખવી દીધું. સૌથી પહેલા તો ઈશ્વરનો રોજ ધન્યવાદ કરો કે આપણને આટલું સુંદર જીવન આપ્યું અને એટલે જ હવે આ જીવનની. આપણા સ્વાસ્થ્યની કદર કરીએ. કિંમત કરતાં શીખીએ.

ત્યાર બાદ આપણા કુટુંબની કિંમત કરીએ. જિંદગીના આવા કપરા સમયે પરિવારનો સાથ જ આપણી સાચી હિંમત હોય છે અને એટલે જ પરિવારને, દોસ્તોને મળતા રહો, હસતા રહો. જિંદગી ખરેખર ખુશાલ લાગશે. નહીં તો અંત સમય આવી જશે ત્યારે પથારીમાં એકલા પડ્યા રહીશું અને રાહ જોતા રહીશું કે કોઈક તો આવે મળવા માટે, ખબર પૂછવા માટે.

ઉપર જઈશું તો બધું અહીં છૂટી જવાનું છે. માટે હવે નક્કી આપણને જ કરવાનું છે કે આપણને શું જોઈએ છે?

કેટલી પણ વ્યસ્ત હોય જિંદગી, પણ થોડો સમય પોતાના માટે અને પરિવાર માટે જરૂરથી કાઢજો.

ગામ - ગેલડા
મો.: ૯૮૧૯૬૬૨૪૦૪

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૫

**પગદંડી**

અંક : ૦૫ ઑગસ્ટ ૨૦૨૨

*-: માનદ્ તંત્રીઓ :-*
**અશ્વિન માલદે, ચંદ્રકાન્ત નંદુ, સંજય છેડા**
મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦
મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪
**-: લવાજમ :-**
૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.**<br>**(અમૃતા પ્રીતમની આત્મકથા)**<br>**મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

અમૃતાનું સોળમું વર્ષ કોઈ સ્વપ્નભૂમિનું સુવર્ણમય વર્ષ ન હતું. જ્યારે અન્ય કોઈ સ્વપ્નોના દેશમાં વિહરતું હોય છે ત્યારે અમૃતાના મનમાં એક વિદ્રોહ, એક દર્દ, એક પીડા, એક તરસ જે જીવનભર વણાછીપી રહેવાની હતી એનો આક્રોશ સતત ઉછાળા મારી રહ્યો હતો. એના શુષ્ક હોઠોમાં ધરબાયેલી તરસનો સાગર નિરંતર ગરજતો રહ્યો. બાળપણથી જ એના અશાંત મને ક્યારેય એનો કેડો નથી મૂક્યો. એક પડછાયો બનીને એ સદાય એની સાથે ચાલી રહ્યો છે. એ કહે છે...

એક શામળો એવો પડછાયો હતો જે બાળપણથી જ મારી સાથે ચાલવા લાગ્યો હતો. પછી ધીરેધીરે જાણ્યું કે તેમાં ઘણુંબધું ભળેલું છે. મારા પ્રિયતમનો ચહેરો અને મારો પોતાનો પણ - જેની મને હજી કેવળ તમન્ના હતી. આ પડછાયો એક ચહેરા સુધી સીમિત ન રહ્યો. જ્યાં ક્યાંય પણ સુંદરતાનો કણ છે, ત્યાં સુધી વ્યાપક થઈ ગયો.

અમૃતાના આ શબ્દો... એક દર્દ, એક નિશ્વાસ થઈ કોરી ખાય છે. અહીં એના જીવનની એકલતાનો અહેસાસ થાય છે.

આ એક દર્દ હતું. પંખીના ગીતની જેમ. એક પળ હવામાં, બીજી પળે ક્યાંય પણ નહીં, કોઈ કાને સાંભળી લીધું, ઠીક છે; ન સાંભળ્યું તો ય ઠીક છે. કોઈના કાન ઉપર ન કોઈ હક્ક હતો, ન કોઈ દાવો.

અમૃતાના સમકાલીનો-સાહિત્ય-જગતના સાથીઓ સદાયે એનાથી દૂર જ રહ્યા. અહમ્ અને ઈર્ષાભાવથી એમણે અમૃતાને સદાય અવગણી, ઉપેક્ષિત રાખી.

અગાઉ કહ્યું છે તે પ્રમાણે અમૃતાના જીવનમાં બહારની ઘટનાઓ ઓછી જ રહી, પણ એના મનની ભીતર તો સતત કંઈક થતું જ રહ્યું. આ બધું એને સતત પીડતું રહ્યું અને એની આ વ્યથા શબ્દો બનીને એના સાહિત્યમાં વ્યક્ત થતી રહી. અમૃતાના મનની સ્થિતિ શબ્દરૂપે એની કવિતાઓ, પત્રો અને સાહિત્યમાં વ્યક્ત થતી રહી, પણ શબ્દો દ્વારા પ્રકટેલી આ મનઃસ્થિતિ સરળતાથી ઉકેલી ન શકાય. એના મનમાં જે થઈ રહ્યું હતું, એને કળવું અત્યંત કપરું હતું. એના જીવનમાં કેટલાક એવા ચહેરા હતા જે એની નીકટ રહ્યા. એ બુઝુર્ગોને એની તરફ આદરભાવ અને સ્નેહ હતો, પણ એમાંના ધનીરામ ચાત્રિક અને પ્રિન્સિપાલ તેજાસિંહ દુનિયા છોડીને વહેલા જ ચાલ્યા ગયા અને ગુરુ બખ્શસિંહજી વિરક્તભાવે નિર્લિપ્ત રહ્યા.

પણ કેટલીક એવી વ્યક્તિઓ પણ અમૃતાના જીવનમાં આવી જેમણે એના દર્દનો અનુભવ કર્યો. આ બધા હતા તો મુસલમાન, પણ એમના વિશાળ હૃદયને જાતના સંકુચિત સીમાડાઓ નડ્યા જ નથી. અમૃતા કહે છે....

મનની ભીતર સહુથી પહેલું દર્દ જેના ચહેરાની રોશનીમાં જોયું તે એ ધર્મનો હતો જે ધર્મના લોકો માટે ઘરનાં વાસણો પણ જુદાં રાખવામાં આવતાં હતાં.

આ તે જ ચહેરો હતો જે મારી ભીતરના માનવને એટલો વિશાળ કરી ગયો કે હિંદુસ્તાનના ભાગલા પડાવનારને હાથે બરબાદ થયા છતાં બંને ધર્મોના જુલમો, કોઈ પણ ન્યૂનતા કે દ્વૈત વગર લખી શકી. આ ચહેરો ન જોયો હોત તો 'પિંજર' નવલકથાની તકદીર કોણ જાણે કેવી હોત.

અમૃતા વીસ-એકવીસ વર્ષની હશે ત્યારે એની કલ્પનાનો એ ચહેરો એના જીવનમાં રૂબરૂ હાજર થયો. અમૃતાએ એની સાથેના મિલનનું 'આખિરી ખત'માં આલેખન કર્યું.

અમૃતાનું મન એના પ્રેમમાં ગળાડૂબ હતું. આ પ્રેમને વ્યક્ત કરતાં એણે 'સુનેહડે' લખ્યું. 'સુનેહડે'ને ૧૯૫૭માં સાહિત્યનો અકાદમી પુરસ્કાર મળે છે, પણ આ પુરસ્કાર જાહેર થયો ત્યારે શું થયું ? ખળીભળી ઉઠ્યું એનું મન.

પુરસ્કાર મળ્યો ત્યારે ફોન પર ખબર સાંભળતાં માથાથી પગ સુધી હું સળગી ઊઠી- હે ભગવાન! આ 'સુનેહડે' મેં કોઈ ઇનામ માટે નહોતા લખ્યા-જેને માટે લખ્યા હતા તેણે વાંચ્યા નહીં, હવે આખી દુનિયા વાંચે તોય મને શું.

સાંજે એક પ્રેસ રિપોર્ટર ફોટોગ્રાફરને સાથે લઈને આવે છે. ફોટોગ્રાફરે અમૃતાને કાગળ - કલમ સાથે કવિતા-લેખનના એ સમયને જીવંત કરવાના યત્ન સાથે કૅમેરાને સજ્જ કર્યો, અને પછી અમૃતાએ કાગળ પર કલમનું અવતરણ કર્યું—

મેં સામે મેજ પર કાગળ મૂક્યો અને હાથમાં કલમ લઈને કાગળ પર કોઈ કવિતા લખવાને બદલે એક અભાન જેવી દશામાં એનું નામ લખવા માંડ્યું. જેને માટે તે 'સુનેહડે' લખ્યા હતા. - સાહિર, સાહિર, સાહિર, સાહિર... આખો કાગળ ભરાઈ ગયો.

પ્રેસના લોકો તો જતા રહ્યા અને અમૃતાને અચાનક ખ્યાલ આવે છે, કે સવારના વર્તમાનપત્રમાં એની તસ્વીર છપાશે અને એના કાગળ પર કોતરાયેલા સાહિર... સાહિર શબ્દો દુનિયા સામે આવી જશે.

પરંતુ એવું ન થયું. કૅમેરાનું ફોકસ કાગળ પર ન હતું. કંઈ વાંચી શકાતું નહોતું.

આને આશ્વાસન ગણીએ, પણ એની પાછળ અદૃશ્ય રહેલા દુઃખનું શું ? અને અમૃતા કહે છે ?

'કાગળ ખાલી દેખાય છે, પણ ઈશ્વર જાણે છે તે ખાલી નહોતો'

સાહિર લુધિયાનવી - હિન્દી ફિલ્મજગતનો અમર ગીતકાર સાહિર -

સાહિરને અમૃતાએ 'અશૂ' નવલકથામા ચિત્રિત કરેલ છે અને પછી 'એક થી અનીતા'માં અને 'દિલ્હી કી ગલિયાં' માં. અકાદમી પુરસ્કૃત કવિતા 'સુનેહડે', 'ચૈત્ર' શીર્ષકની બધી જ કવિતાઓ અને એક અંતિમ કવિતા 'આગ કી બાત'માં સાહિર જ હાજર છે. અને પછી વર્ષો વીતી ગયાં પણ સાહિર સ્મૃતિઓમાં અકબંધ રહ્યો...

પણ વીતેલાં વર્ષો, શરીર પર પહેરેલાં કપડાં જેવાં નથી હોતાં, તે શરીરના તલ બની જાય છે. મોઢેથી ભલે કાંઈ ન કહે, શરીર પર ચૂપચાપ પડ્યાં રહે છે. બહુ વર્ષો પછી બલ્ગેરિયાની દક્ષિણે વાર્નાની એક હોટેલમાં ઊતરી હતી, જ્યાં એક બાજુ સમુદ્ર હતો, બીજી બાજુ જંગલ અને ત્રીજી બાજુ પહાડ, ત્યાં એક રાતે એવું લાગ્યું કે જાણે સમુદ્ર તરફથી એક નાવ આવી અને તેમાંથી કોઈ ઊતરીને બારી તરફથી મારી હોટેલના ઓરડામાં આવી ગયું.

ચેતન અને અચેતન પરસ્પર મળી ગયાં, એ રાતે કવિતા લખી હતી. 'તારી સ્મૃતિઓ બહુ સમયથી દેશનિકાલ હતી ....'


અને હવે પછી....

એક પવિત્ર-દિલ દોસ્તી

ફોન : ૯૩૨૩૫૪૧૩૫૧


# કોલાહલ

સામે પ્લૅટફૉર્મ પર ફાસ્ટ ટ્રેન આવી રહી હતી. મહિનાના ત્રીજા લેટ માર્કથી બચવા, મિહિરે પુલને બદલે લેવલ ક્રોસિંગથી પહોંચવા ઉતાવળ કરી.

ઑફિસ પહોંચવાની ઉતાવળ સાથે મિહિરના મગજમાં કેટલોય ***કોલાહલ*** ઘૂંટાઈ રહ્યો હતો.

''સાંભળો છો : આ મહિને ઘઉં, ચોખા અને તેલ ભરવાનાં છે. આ મહિને લોનનો હપ્તો નહીં કપાવતા''.

''પપ્પા. મારા ક્લાસની ફી આ મહિને આપવી પડશે. સર રોજ ચાલુ ક્લાસે પૂછે છે''. ''બેટા, મારી બત્રીસી તૂટી રહી છે. ડૉક્ટરે નવીના ચોવીસ હજાર કીધા છે''.

બિલ્ડિંગમાંથી નીકળતો હતો, ત્યાં ઉપરથી મકાનમાલિકની રાડ સંભળાઈ : ''મિહિર, રાત્રે ઘરે આવું છું. તને તો ત્રણ મહિનાથી ટાઈમ નથી મળ્યો.''

ભીતરના આ સતત ***કોલાહલ*** વચ્ચે લોકોની બુમાબુમ ''અરે ઓ હીરો, ગાડી આ રહી હૈ''. કે ટ્રેનનું હોર્ન મિહિરને સંભળાયું નહીં.

થોડીક મિનિટોમાં મલાડના પ્લૅટફૉર્મ પર ફરી ***કોલાહલ*** શરૂ થયો, ''આરપીએફ ઔર ચાર લાઇસન્સ હમાલ, સ્ટેશન માસ્ટર કી ઑફિસ મેં તુરંત પહોંચે''

રાજુલ પિયુષ દેઢિયા, કુંદરોડી

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## ''સમાજનું ભવિષ્ય''

પરિવર્તન એ સંસારનો નિયમ છે અને રવિનો અસ્ત એ શાશ્વત જ છે.

દોસ્તો, આખરે આખો કચ્છી સમાજ જેની આતુરતાથી રાહ જોતો હતો એ માટુંગા બોર્ડિંગની ચૂંટણીનાં પરિણામ આપણે જૂન મહિને જોયાં એક તરફ ભારે બહુમત તો બીજે તરફ સુપડાં સાફ.

દોસ્તો, ચૂંટણી પ્રચારમાં ઘણા વિડીયો વાયરલ થયા અને મોટા મોટા મહાનુભવો દ્વારા અલગ અલગ વાતો સામે આવી. મારે એ વાતો ફરી ઉચ્ચારવી નથી, પણ એક પ્રશ્ન રજૂ કરવા માગું છું કે જે લોકો ૨૫-૩૦ વર્ષથી આ બોર્ડિંગ / શિશુવનની વહીવટ કરી રહ્યાં હતાં અને શિશુવનને આટલી ઊંચાઈ પર લઈ ગયા હતાં, તેમને લોકોએ આ ચૂંટણીમાં વોટ કેમ ન આપ્યો ?

પ્રશ્ન માત્ર શિશુવન સંસ્થાનો નથી સમાજની જે સંસ્થાઓ, મહાજનો અને ટ્રસ્ટોમાંથી જે લોકો ૨૦ કે ૨૫ અધિકારી પદ પર બેઠાં છે અને દર વખતે ચૂંટણીમાં ઊભા રહે છે. તેમણે સ્વેચ્છાએ નિવૃત્ત થવું જોઈએ, અને નવા યુવા ચહેરાઓને મોકો આપવો જોઈએ, એવો મારો નમ્ર અભિપ્રાય હું અહીં રજૂ કરવા માગૂં છું. નહીંતર એક સમય એવો આવશે કે નવા યુવા લોકો આવી પ્રવૃત્તિઓમાં જોડાશે નહીં અને વડીલોનો કાળખંડ પૂરો થશે તો પછી સંસ્થા પણ બંધ થવાનો વારો આવશે.

જેમ માટુંગા બોર્ડિંગમાં પરિવર્તન આવ્યું છે, એવી જ રીતે હવે તમામ મહાજન સંસ્થાઓ, ટ્રસ્ટીઓમાં ઓછીમાં ઓછી ૫૦% યુવા વર્ગ આવે એવું થવું જ જોઈએ.

વળી બીજી એક વાત પણ ખટકે છે. ખરેખર, શું આપણે જાડી ચામડીના થઈ ગયાં છીએ ?! આપણે આપણી નૈતિક ફરજ  પણ ચૂકીએ છીએ, મતદાન કરવું એ આપણી નૈતિક ફરજ છે. જો તમે મતદાન કર્યું હોય તો આપણને ટીકા કરવાનો પણ કોઈ અધિકાર નથી.

આશા કરું છું કે આ મેસેજને આપ વાયરલ

કરશો અને યુવા લોકોને સાથે લઈ આગળની પેઢીનું નિર્માણ કરશો કારણ કે મારું ચોખ્ખું માનવું છે કે અમુક જૂનાં પદાધિકારીઓ ''જે ૩૦ થી ૫૦ વર્ષોથી સમાજમાં પદ ઉપર બેઠાં છે. એના કરતા નવા યુવા લોકો આવશે તો ફ્રેશ મગજ થકી નવા વિચારો લાવશે, નવી કાર્ય પદ્ધતિ આવશે, નવા નિર્ણયો લેવાશે. વગેરે... વગેરે...

''સમાજના અગ્રણ્યો અને અગ્રણી સંસ્થાઓ આ બાબતમાં ધ્યાન આપે અને કંઇક વિચારોથી આગળ આવે એવી અપેક્ષા.''

નોંધ - હમણાં માટુંગા બોર્ડિંગની ચૂંટણી તાજી છે. એટલે અહીં એનું ઉદાહરણ આપવામાં આવ્યું છે.

આ લેખ દ્વારા જો કોઈ શબ્દથી કોઈનું દિલ દુભાયું હોય તો મિચ્છામિ દુક્કડમ.

લિ. નયન હરેશ નિસર

વડાલા

મો. : ૯૮૩૩૯૨૨૪૮૪

---

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

**।। अभिवादन ।।**

'साहित्य-अमृत' में आलेखन देनेवाले परम आदरणीय 'चंद्रकान्त नंदु'भाई को विनम्र प्रणाम!

अमृता प्रीतम की 'रेवन्यू स्टॅम्प'- 'रसीदी टिकट'- नामक आत्मकथा आप 'पगदंडी' में प्रस्तुत करते जा रहे हो, मे-महिनेसें....

साहित्यजगतकी एक सुप्रसिद्ध लेखिका- उनकी आत्मकथा हमें पढने मिल रही है- यह हमारा बडा सौभाग्य है - इसलिए खूबखूब आभार, धन्यवाद!

'મોબાઈલના માહોલમાં રાચતાં આપણા સૌની સંવેદનાને આ પુસ્તક વિધુત સ્પર્શ કરાવશે' यह आपकी बात सचमें मन को स्पर्श करनेवाली है !

'पगदंडी' के दूसरे सभी लेख भी खूब सुंदर, विचारात्मक और अत:र्मुख कर देनेवाले हैं। सभी को प्रणाम! धन्यवाद! जयहिंद।

**सरला हसमुख देढिया**

पुणे - बागेर (देशलपर)

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

મિઠા,

કાનેં-મંતર વિગર જેં કચ્છી શબ્દેંમેં પાં ૧) લસણ-લસણ, એક કંદ ૨) લસણ-સં-લક્ષણ, શરીર પરનું જન્મજાત ચિહ્ન -Birth Mark જી ગાલ કિઈ. લસણ શબ્દ મૂર સંસ્કૃત ''લક્ષણં મિંજા નિકર્યો વે એંડ઼ી પાંકે કલ્પના પણ ન અચે !

અચો, પાં ઈગલે પગથિયે (પાગૂઠિયે) તેં પગ રખોં.

૧) લડ઼ (સ્ત્રી) હારમાળા, શ્રેણી, માળા. (f) row. હિન્દીમેં ''લડ઼'' શબ્દ જાણીતો આય ''ફૂલોંકી લડ઼ી''.

'લડ઼' શબ્દ જો મૂર લજણૂં ઓખો આય. સંસ્કૃત જો ''यष्टि'' શબ્દ ઇનકે ઓડેમેં ઓડો આય, પણ હિન્ધી જો ''લડ઼'' ને ''લડ઼ી'' ત નિપટ કચ્છીમેં આય તીં પ્રસિદ્ધ આય. પાં કચ્છીમેં ''લડ઼'' શબ્દ day to day ભાસા મેં નતા સુણો, પણ હિન્દી ગીતમેં ''લડ઼ી'' જરૂર સુણંધા વૌતા. કચ્છી ''લડ઼'' શબ્દ જી પુછા કઈધે ગઢવારા ઉસ્તાદ ગની ભા (લંધા) માલધારીએં જો 'લડ઼' શબ્દ ડિનાં જેંજો અડ઼થ થીયે તો ''બકરી જેવા પ્રાણીની એકબીજામાં જોડાયેલી લીંડીઓ (હારમાળા).'' ઈન અરથ જો સમર્થન હિન્દી ભાષામેં ત મિલે જ તો, પણ...

૨) લડ઼ (સ્ત્રી) સાંકળ, જેમાંથી સર્જાતો લડ઼પોત્રો શબ્દ ''માણસના કુટુંબની હારમાળા-વંશવેલો''નું સૂચન કરેછે, આમ પુત્રાદિની લંબાતી હારમાળાની સાંકળ એવો ''લડ઼પોત્રો એટલે પ્રપૌત્રનો દીકરો.''

**પનપટીઃ** ઉપર લડ઼પોત્રો/લડ઼પોયત્રો શબ્દની જે વાત થઈ છે તેનું મૂળ કયું. પિતાનો દીકરો તે ''પુતર''. પુતર જો પુતર સે પોત્રો/પોયત્રો, તેંજો પુતર સે પડ઼પોત્રો કે પરપોત્રો/પરપોયત્રો. એ શૃંખલાની એ પછીની કડી ''લડ઼પોત્રો'' વિષે આપણે આજે જાણ્યું. કચ્છી ભાષા તાં ઊનીં-ગહન ભાષા આય. પડ઼પોત્રો જો લડ઼પોત્રો વે ત લડ઼પોત્રો જો પણ પુતર ત હુંધો જ. ભલા અંઈ ચોંધા લડ઼પોત્રે જે પુતર લા કોય શબ્દ આય? વેં ત વેસલો કે વિગર ૯૮૨૦૪૫૬૮૯૯ તેં કુછી પૉજા! ? ભલેં થીયે પાંજી ભાસા મુગતી!!

આંજો વિશન

## એક ચેતાવની

જૈસી નિયત વૈસે ફલ,
મિલેગા આજ નહીં તો કલ.

દેખ કિતને ઈતિહાસ હુએ,
સૂર્ય ચઢે ઔર શામ હુએ.
ન ચલેગી યહાં કિસીકી છલ?
તેરે મેં હો ચાહે કિતના બલ?
જૈસી નિયત વૈસે ફલ....

જીઓ ઔર જીને દો સબકો,
મિલકર યાદ કરો એક રબકો.
ન હોગી કભી સમસ્યા હલ ?
અગર કહીં જો ખો ગઈ પલ?
જૈસી નિયત વૈસે ફલ...

મિલેગી સંપત્તિ શાંતિ સુખ,
દૂર હો જોયેંગે તેરે દુઃખ.
મિટા દે દુનિયાસે દલ,
ઉસ ડગર અગર તુ ચલ.
જૈસી નિયત વૈસે ફલ....

ન ભૂખ કિસીકો કહે યહાં ?
રોટી મુજકો મિલેગી કહાં ?
ચલા દો યે ધરતી પર હલ,
મિલ જાયેગા તુમકો ભી જલ.
જૈસી નિયત વૈસે ફલ....

'પ્રેમ' કી આંખ કરે પ્રકાશ,
ઉજલા હુઆ વિશ્વ આકાશ.
સબકી સમસ્યા હો ગઈ ટલ,
જૈસી નિયત વૈસે ફલ....

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

## સીરો ભનાયો

બીજ અષાઢી આવઈ,
કચ્છી નઉં વરેં સીરો ભનાયો,
ખિલ ખુશીયેં જો પિરભ,
અજ પાંજે ઘરેં સીરો ભનાયો.

ઢૉલ નગારેં ગજણ ગજેતી,
રોશનાઈયેં સે ખિવણ ખિવેતી,
સનાં સનાં અભતાં,
મોંઘા મોતી જરેં સીરો ભનાયો,
બીજ અષાઢી આવઈ,
કચ્છી નઉં વરે સીરો ભનાયો.

ગ઼ોઈયૂં મૈયૂં ગૅલ મેં અચેં,
મોર પ તા તા થૈયા નચેં,
ચંધર જે ડીં મિંધર મેં,
જોતૂં બરેં સીરો ભનાયો,
બીજ અષાઢી આવઈ,
કચ્છી નઉં વરેં સીરો ભનાયો.

હિલે મિલેજા કૉલ કયું,
ઉભા મોભત જા મૉલ કયું,
વેર ઝેર જા જીયણ મેં,
રાંકાસ મરેં સીરો ભનાયો.
બીજ અષાઢી આવઈ,
કચ્છી નઉં વરેં સીરો ભનાયો.

**- હરેશ દરજી - 'કસભી'**

# અષાઢનો વરસાદ

સખી! મને પાડે છે સાદ,
આ અષાઢનો વરસાદ.
મનડું ભીંજાય તેમાં નથી કોઈ વાદ,
આ અષાઢનો વરસાદ.

કાળાં ડિબાંગ ઊતરી આવ્યાં વાદળ,
બીજનો ક્યાંય દેખાય ના ચાંદ,
આ અષાઢનો વરસાદ.
સખી! બારીએ ઊભી વાટ જોઉં વાલમની,
મૂઓ! અંધકાર ઊતર્યો મંદમંદ,
આ અષાઢનો વરસાદ.

સખી! પાડે છે ચાળા ઓલ્યા ગુલમહોરની ડાળી,
મારા વનમાળી આવ્યાનો લાગ્યો રે છંદ,
આ અષાઢનો વરસાદ.
ઝરમર ફોરાં વરસે ને ઘેલી હું ગાઉં વર્ષાનું ગીત,
વરસી હેલી શતશતની તાદાદ,
આ અષાઢનો વરસાદ.

અણસારો પિયુના પગલાંનો ભાસ,
વેણી ચમેલીની બહાર બની યાદ,
આ અષાઢનો વરસાદ.
અંબોડે ગૂંથી એની ઝરમર ફોરે સુંગધ,
અત્તરનો ફાયો બની દઉં દાદ,
આ અષાઢનો વરસાદ.

નામઃ ભાનુબેન સાવલા
મુંબઈ : પાર્લા.
મૌલિક અપ્રકાશિત રચના

# કાંટોલી કણાઈ

વાઘજી જે ખેતર-સેડ઼ે કાંટોલી કણાઈ,
બાઈ! કાંટોલી કણાઈ!

ખેતરપાર જે મૂરમેં કુંઢો ફૂટ્યો,
કુંઢો, હૂંસડો, વાડ ચડી વેયો.
વેલીતેં નીરા પનડ઼ા જાડુડા,
સોનેરી લૂંઆરીસેં ચમકેં ભધુડા.
વાડ઼તેં કર વિછાણ કેં,
આસાઢકે તાં ઉખણ કેં.
પનડે પનડે ટુસા ફૂટ્યા,
કલીએં તે હઇધરિયા ફૂલડ઼ા ખિલ્યા.

વાડ વિઠી પીતાંબર વાઘા પેરી,
તેં તેં મીં જા મામા કઈએ હેરાફેરી.
નીરે પીરે રતે રઙ સેં વાડ રઙાણી,
ભીંગારા, પૉપટીઉં ને મધમાખીયું કંઇએં ઉજાણી.
ફૂલડેં જા તાં જુમખા લગા!

કચડ઼ેં કચડ઼ે કંઢેવારા કાંટોલા ઉગા.
સૂંઢલા ને સૂંઢલીઉં ભરી ખયાં ભકાલી,
ભાકી રેયા વા સે ખણી વેયો દલો તરવાડી.
શ્રાવણ, ભધરો ને અસુ ચાર ધામ જાતરા પૂરી થઈ,
સાગ ખાધેં સજો મુલક ખુસીઉં વિરાઈ!

બાઇ! કાંટોલી કણાઈ વી જભરી કાંટોલી કણાઈ વી,
બાઈ! કાંટોલી કણાઇ.

ભાનુબેન સાવલા - ૭૪૦૦૪૮૦૨૨૪

## ચંદનબાળા

જેનાં અંતર હો રૂપાળાં,
એમાં પ્રગટે ચંદનબાળા (૨)
જ્યોતિ ઝળહળ ઝળહળ
જ્યારે ખોલી દે ખુદ તાળાં...
એમાં પ્રગટે ચંદનબાળા

નીરખંદા નીરખે તે નીરખે,
જુએ ન ઝાંઝર બેડ઼ી;
આંસુ એકએક ઓગાળે,
મોહ દશાની મેડી.
તૂટવાને આતુર હોય જ્યાં,
જીરણ કરમનાં જાળાં...
એમાં પ્રગટે ચંદનબાળા

અભ્યાગત તે ઓર ન કોઈ,
પરમ પદારથ પોતે,
સમજ પડી તે જીવ શિવને
ઉંબર બહાર શું ગોતે?
હદ ઓળંગે તે પગ પામે,
અનહદનાં અજવાળાં...
એમાં પ્રગટે ચંદનબાળા

- વિશન નાગડા

---

નીયા કેડ઼ો નીતિ વિગર ?
પ્રેમ કેડ઼ો પ્રિતી વિગર ?
નેહ ન, નીયા ન, નિસૂક મેલે મનસેન,
કચાકૂડ અંત ધૂડ઼ અંધાભિત અભેમાનસેં,
નીણાઈસેં લગેં ન વિડ઼ગે નાતો ન નમન સેં,
સમાજ સુધરે અવેર સચજે ધુસમનસેં !!

- રામજી જોશી, રામ.

## મેઘરાજા

અચે તો કે અચે તો, મેઘરાજા અચે તો.

વડરેં જી ફોજ ખણી, વા જે વડે ઘોડ઼ે ચડી,
વિજ જી તરાર તાણી, કે લા કરે પાણી પાણી,
અભ મિંજા ગજણ જા ખણી વાજા અચે તો.

નરિયેં તેં નચેંધો પટ પિઈ પચેંધો,
રૂપ ડિસી ધરતી જો મિંજોમિંજ મચેંધો
ગારે મિંજ ગચેંધો ગોટરાજા અચે તો.

ધુનિયાં જો તાજ થે લા, નિંઢા વડા કાજ કે લા,
કડેં રુગો રઙ મેં, રાણી મથે રાજ કે લા,
રાજા જેંડ઼ો રાજા હૂંધે છડી માજા અચે તો.

- વિશન નાગડા

---

### તેજના ચમકારા

જેણા જલ 'તેજ' ઝાંખપ વતાય મ માગઈ!
તેલ પુરીધો પિંઢંઈ જેં જ્યોત જાગાઈ આય!

✤✤✤✤✤

છિલકી ને છતા થીએં આખર તાં ડંભી
'તેજ' છનોડ઼ જલે કિતરો જેંકે થુવરેં જી થંભી!

✤✤✤✤✤

ખલક મેં 'તેજ' ખૂસામત ખરી
રધી રંબજો ઉભરો વંએ ડુઈસેં વરી.

✤✤✤✤✤

સજો ચરેઓ અધુરો તાં સમજે
અધ ચરેઓ સમુરો ન સમજે

✤✤✤✤✤

વિલ સીરી વેંચી ફુલ કિરી વેંધો
કડેંક હી 'તેજ' તેજમેં ભિરી વેંધો

✤✤✤✤✤

'તેજ' જેડ઼ી જેમેં ખસલત ઉ પિનઈ પેઓ વતાય!
બોઆરી તાં ભેરો કરે સુપલાડ઼ી વિજે ફગાય!

# શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ : સ્ત્રીઉત્કર્ષ યોજના

શ્રી ક.વી.ઓ. સેવા સમાજે ગૃહઉદ્યોગ કરતી બહેનોને ગૃહઉદ્યોગ વિકસાવવા માટે **શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - સ્ત્રીઉત્કર્ષ યોજના**ના નેજા હેઠળ ૧૯૮૫થી લોન આપવાની શરૂઆત કરેલ. ૮ બહેનોથી થયેલી શરૂઆત પછી અત્યાર સુધી ૮૧૦૦ કુટુંબસભ્યોએ આ યોજનાનો લાભ લીધેલ છે. બહેનોએ ગૃહઉદ્યોગ કરી પોતાના કુટુંબના પાયાના પથ્થર બની પોતાના સંતાનોને ડૉક્ટર, સીએ, એન્જિનિયર બનાવ્યા છે.

શરૂઆતમાં બહેનો ફક્ત ખાદ્યપદાર્થ, ખાખરા, થેપલા, ટિફિન સર્વિસ માટે લોનથી મળેલ રકમનો ઉપયોગ કરતી હતી. પણ બદલાયેલા સમય સાથે હવે બીજા ઉદ્યોગો જેવા કે બ્યુટી પાર્લર, કાપડ, રેડીમેડ વેઅર અને ઘણી બધી વિવિધ વસ્તુઓના વેચાણ માટે આ લોનનો ઉપયોગ કરે છે.

બહેનોનાં ઉત્પાદનને વેગ આપવા શ્રી ક.વી.ઓ. સેવા સમાજ તેમના માટે ધંધાકીય સેમિનારો, વેચાણ માટે સ્ટૉલ, વ્યાપાર મેળાનું નિઃશુલ્ક આયોજન કરે છે તેમજ પગદંડી માસિક અને ખબરપત્રિકા દ્વારા જાહેરાતો પણ આપે છે.

આપણા સમાજની બહેનોએ બનાવેલ ખાદ્યપદાર્થો અને વિવિધ વસ્તુઓના એમની પાસેથી ખરીદ કરી એમને પ્રોત્સાહન આપીએ તેમ જ તેમને આત્મ-નિર્ભર બનાવવામાં સહાયક થઈએ. તો ચાલો આ વર્ષે આપણે સમાજની બહેનો પાસેથી એમનાં ઉત્પાદનો ખરીદ કરી રક્ષાબંધન, પર્યુષણ પર્વ, દિવાળી અને વિવિધ તહેવારો ઊજવીએ.

**ખાદ્યપદાર્થ તેમ જ વિવિધ ઉત્પાદનો વેચનાર બહેનોના નામ અને મોબાઈલ નંબરની યાદી**
**પાના નંબર ૫૩ થી ૫૫ ઉપર આપેલ છે.**

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - સ્ત્રીઉત્કર્ષ યોજનાનું ફૉર્મ મેળવવા કાર્યાલય અથવા વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી અને ભરી શકશો.

**સ્ત્રીઉત્કર્ષ સમિતિ**

સુશીલા હરખચંદ ગાલા (કન્વીનર) - તારા મણિલાલ સાવલા (કૉ-કન્વીનર)

ડૉ. મંજુલા વેલજી શાહ, રેખા નવીન ગડા, ચંદન ધીરજ બૌઆ, ડો. હસુમતી ધીરજ છેડા,

મીના જયેશ વીરા, ધનલક્ષ્મી હરખચંદ ગાલા

## ગૃહઉદ્યોગ - ખાદ્યપદાર્થ બનાવતી સમાજની બહેનોનાં નામ અને મોબાઈલ નંબરની યાદી

| નં | નામ | ગામ | એરિયા | મોબાઈલ નંબર | વિગત/ઉત્પાદન |
|---|---|---|---|---|---|
| ૧ | કલ્પના ભરત રાંભિયા | ગોધરા | ભાંડુપ | 9930260337<br>8369036265 | ખાખરા, ગુજરાતનું ફરસાણ, મસાલા |
| ૨ | જ્યોતિ કાંતિલાલ સંગોઈ | ગુંદાલા | ડોંબિવલી | 9769428118 | મીઠાઈ, ફરસાણ, નમકીન, બધી દેશી મીઠાઈઓ |
| ૩ | જ્યોતિ ગિરીશ ગોગરી | વડાલા | ગોરેગામ(ઈ) | 9892345603 | ટિફિન સર્વિસ, મિષ્ટાન, ફરસાણ |
| ૪ | પ્રેમિલા બિપીન દેઢિયા | ભુજપુર | થાણા | 7506290455 | ફરસાણ |
| ૫ | નીલમ ચેતન મારૂ | ડેપા | કુર્લા (વે) | 9969850082 | વિવિધ પ્રકારના લાડુ - ફરસાણ |
| ૬ | ચારુ રાકેશ સૈયા | ગેલડા | ડોંબિવલી | 7892771772 | શિંગની ચટણી, ફરસાણ ઈડલીનો લોટ |
| ૭ | સોનાલી દર્શન સાવલા | ટુંડા | ડોંબિવલી | 9773988940 | ગીર-ગાયનું ઘી |
| ૮ | ધ્વનિ  શરદ વોરા | નવાવાસ | ડોંબિવલી | 9960503144 | હેલ્થ અને ન્યૂટ્રીશન પ્રોડક્ટ |
| ૯ | ચેતના કલ્યાણજી ગડા | નવાવાસ | નાલાસોપારા | 9320460177 | બધી જાતના ખાખરા |
| ૧૦ | સુશીલા જેઠાલાલ વિછીવોરા | કોટડા રોહા | ડોંબિવલી | 9833346968 | બધી જાતના ખાખરા |
| ૧૧ | નયના પરેશ મારૂ | લાખાપુર | નાલાસોપારા | 9323206931 | ડ્રાયફ્રૂટ ચિક્કી |
| ૧૨ | વિમળા શરદ ગડા | શેરડી | ડોંબિવલી | 9819023683 | દેશી લાડુ - ગોળીયા, ફીણિયા, ટિફિન, |
| ૧૩ | ગીતા ભરત ગડા | નાની ખાખર | ગોરગામ | 9821585666<br>9827763889 | કેટરીંગ - ટિફિન રમતગમતના સાધનો |
| ૧૪ | શિલ્પા નરેશ સાવલા | દેશલપુર | ડોંબિવલી | 9820956082 | ખીચિયા પાપડ, ફરસાણ, મીઠાઈ, નરમ થેપલા |
| ૧૫ | નયના દીપક ગોસર | ભુજપુર | નાલાસોપારા | 8446423090 | ચકરી, ખીચિયા પાપડ |
| ૧૬ | કંચન મનિષ દેઢિયા | વડાલા | નાલાસોપારા | 9049298511<br>8830604160 | બધી જાતના ખાખરા |
| ૧૭ | ચેતના નીતિન પોલડિયા | બિદડા | ભાઈંદર | 9320594450<br>8452910389 | કેટરિંગ- લંચ બૉક્સ, ડ્રાય થેપલા મિની કેટરર્સ |
| ૧૮ | ઊર્મિલા હસમુખ નાગડા | ગઢશીશા | મુલુંડ(ઈ) | 9821195984<br>9773844161 | ખાસ્તા કચોરી મિની કેટરિંગ |

## ગૃહઉદ્યોગ - ખાદ્યપદાર્થ બનાવતી સમાજની બહેનોનાં નામ અને મોબાઈલ નંબરની યાદી

| નં | નામ | ગામ | એરિયા | મોબાઈલ નંબર | વિગત/ઉત્પાદન |
|---|---|---|---|---|---|
| ૧૯ | રીના મયુર દેઢિયા | ભુજપુર | નાલાસોપારા | 9323899611 | બધી જાતના ખાખરા |
| ૨૦ | કુસુમ ઉત્તમચંદ નાગડા | ભોજાય | દહીંસર | 9220215501 | હોમમેડ ફ્રેશ નાસ્તા,<br>નાચણીની નાનખટાઈ, ફ્રુટ શરબત |
| ૨૧ | જયા જેઠાલાલ ગોસર | ચિયાસર | ડોંબિવલી | 9594852300 | ચોકલેટસ, કૂકિંગ ક્લાસ, કેક |
| ૨૨ | હિના હેમંત વીરા | રાયણ | કાંદિવલી | 9930331103 | હોમમેડ ચોકલેટ,<br>ચોકલેટ બુકે, કેક |
| ૨૩ | જ્યોતિ જયેશ નંદુ | દેશલપુર | ડોંબિવલી | 9769116182<br>8850431985 | ટિફિન - ફજ્જ, ચોકલેટ |
| ૨૪ | દર્શના પ્રફુલ ગોસર | મંજલ રેલડીયા | ડોંબિવલી | 9819149381 | ખીચિયા પાપડ, પેંડા, ખાખરા |
| ૨૫ | પ્રીતી હસમુખ સતરા | ગુંદાલા | ડોંબિવલી | 9769842932<br>9372486876 | ખાખરા, ફરસાણ,<br>કેટરિંગ |
| ૨૬ | લીના કેતન બૌઆ | નાની તુંબડી | નાલાસોપારા | 9022099522 | ખાખરા-થેપલા-ફરસાણ |
| ૨૭ | દક્ષા લક્ષ્મીચંદ ગડા | રાયધણજર | વિક્રોલી | 9322932299 | લોજ - મિનિ કેટરિંગ |
| ૨૮ | હીના તનસુખ ધરોડ | પત્રી | ડોંબિવલી | 9833610906 | મીઠાઈ અને ફરસાણ |
| ૨૯ | લીના સુરેશ મોતા | દેવપુર | ડોંબિવલી | 9892453500 | બધી જાતના ખાખરા |
| ૩૦ | રશ્મિ પ્રવીણ સતિયા | તુંબડી | દાદર (ઈ)<br>બિદડા | 9821897899 | બધી જાતના મનપસંદ ખાખરા<br>ફરસાણ |
| ૩૧ | કલ્પના લક્ષ્મીચંદ નાગડા | નરેડી | વલસાડ | 9998431059<br>9327752864 | લંચ બૉક્સ - ટિફિન સર્વિસ<br>ફંકશન માટે જગ્યા પર રસોઈ |
| ૩૨ | વિમળા હસમુખ પાસડ | કોટડા રોહા | ભાઈંદર | 9920250223 | ઑર્ડરથી કેટરિંગ<br>ફંકશનમાં ઘરે જઈને રસોઈ કરે છે. |
| ૩૩ | વિમળા શરદ ગડા | શેરડી | ડોંબિવલી | 9819464128<br>9819023683 | ફરસાણ<br>કચ્છી મીઠાઈ |
| ૩૪ | રમીલા રમેશ શાહ | નરેડી | ડોંબિવલી (ઈ) | 9769903491<br>8369847701 | નાસ્તો, ચોકલેટ,<br>ફરસાણ, પાપડ |
| ૩૫ | મીતલ અનિશ સંગોઈ | સમાઘોઘા | ડોંબિવલી (ઈ) | 7977219519 | ખાખરા - ફરસાણ - અથાણા |
| ૩૬ | મેઘના ભરત વિસરિયા | ગઢશીશા | વસઈ | 8329113248<br>9307704191 | મુખવાસ, મસાલા |

## ગૃહઉદ્યોગ - ખાદ્યપદાર્થ બનાવતી સમાજની બહેનોનાં નામ અને મોબાઈલ નંબરની યાદી

| નં | નામ | ગામ | એરિયા | મોબાઈલ નંબર | વિગત/ઉત્પાદન |
|---|---|---|---|---|---|
| ૩૭ | ભાવના મોરારજી વોરા | નવીનાર | ડોંબિવલી | 9920548855<br>9619979090 | ઈમ્પોર્ટેટ ચોકલેટ, કેક |
| ૩૮ | પ્રવીણા મણિલાલ છેડા | શેરડી | ડોંબિવલી | 9920295752<br>251-2495998 | અથાણા - બિજોરા, પાપડ, વેફર.......... |
| ૩૯ | કંચન મોરારજી છેડા | વડાલા | ડોંબિવલી | 9869869646 | ખીચી, અથાણા, બટેટાવડા ગોળપાપડી, મગદળીયા |
| ૪૦ | પ્રેમિલા ચેતન પાસડ | દેઢિયા | ઘાટકોપર | 9869602466 | મીઠાઈ, ફરસાણ, ખાખરા |
| ૪૧ | ગીતા વિનોદ કારાણી | ખારૂઆ | ડોંબિવલી | 9833204484 | ચોકલેટ - Neurotherapy |
| ૪૨ | ભારતી મહેન્દ્ર ગાલા | મોટી ઉનડોઠ | થાણા | 8291021625 | હોમમેડ મસાલા |
| ૪૩ | ચંદન કલ્યાણજી નાગડા | કોટડી મહા. | મુલુંડ (ઈ) | 9326396428 | બધી જાતનાં અથાણાં |
| ૪૪ | ગીતા ગિરીશ વિસરિયા | દેશલપુર | ઘાટકોપર | 9029686686 | જામનગરી કચોરી, બધી જાતની ચિક્કી, ફરસાણ |
| ૪૫ | શિલ્પા વિનોદ પોલડિયા | બિદડા | મલાડ | 9702909249 | એવરેસ્ટ મસાલા |
| ૪૬ | મોનિકા હરખચંદ સંગોઈ | ટોડા | ડોંબિવલી | 9324186293 | ખાખરા, મુગદાળ ચકરી સક્કરપારા |
| ૪૭ | મીના હિતેશ વિસરિયા | ગઢશીશા | ડોંબિવલી | 8097279436 | ફરસાણ અને રક્ષા પોટલી |
| ૪૮ | હેમલતા મણિલાલ પોલડિયા | તલવાણા | ડોંબિવલી (ઈ) | 9819304993 | નરમ થેપલા- રસોઈ કરવા જાય |
| ૪૯ | ભાવિની દેઢિયા | તલવાણા | ગોરેગામ (વે) | 9720975369 | ફરસાણ, સ્વીટ, મુખવાસ લંચ-ડીનર હેમ્પર, ચોકલેટ, |
| ૫૦ | પૂર્વી શૈલેશ અમરચંદ ગાલા | ડોણ | માટુંગા | 9619619763 | પાણીનાગરણા બનાવે છે |
| ૫૧ | રીના મહેન્દ્ર વસનજી છેડા | નાની તુંબડી | ડોંબિવલી | 8779969565 | બધી જાતના ખાખરા |
| ૫૨ | હંસા હરેશ શામજી ગાલા | ડોણ | નાલાસોપારા | 9730915280 | બધી જાતના ખાખરા |
| ૫૩ | જયશ્રી નરેન્દ્ર ગાલા | ભોજાય | ડોંબિવલી | 9833370254 | ખાખરા, ફરસાણ |
| ૫૪ | રીટા જિતેન્દ્ર સાવલા | બેરાજા | ડોંબિવલી | 9833212299 | સ્પે. ખાખરા |
| ૫૫ | નીતા ચંદ્રકાંત દેઢિયા | ગઢશીશા | નાલાસોપારા | 9320457386 | ખાખરા |
| ૫૬ | ધ્વની જયેશ રાંભિયા | રામાણિયા | ચેમ્બુર | | નાસ્તા, મિઠાઈ, ચોકલેટ, કેક |

## ગૃહઉદ્યોગ - અન્ય આઈટમો - સમાજની બહેનોનાં નામ અને મોબાઈલ નંબરની યાદી

| નં | નામ | ગામ | એરિયા | મોબાઈલ નંબર | વિગત/ઉત્પાદન |
|---|---|---|---|---|---|
| ૧ | ચાર્મી રાજેશ શાહ | કોટડા રોહા | અંબરનાથ (ઈ) | 9168564756 | બ્યૂટિ પાર્લર<br>સાઈડના ઑર્ડર |
| ૨ | આશા હરખચંદ ગાલા | મોટી ઉનડોઠ | ડોંબિવલી | 8355917822 | ડ્રેસ મટિરિયલ,<br>રેડીમેડ લેડિસ વેઅર |
| ૩ | શ્રીતિ શૈલેશ ફુરિયા | મેરાવા | થાણા | 9221233235 | ઈમિટેશન જ્વેલરી |
| ૪ | ઉષા અરવિંદ વેલજી શેઠિયા | લાખાપુર | બોરીવલી (વે) | 8692036376<br>9022728284 | કપૂર કોન |
| ૫ | સ્મિતા કિરણ ખેતસી ગંગર | મેરાવા | વરલી | 9702783040<br>9819347021 | બાંધણી બંધેજ |
| ૬ | પૂર્વી મનોજ ગોસર | ગોધરા | ડોંબિવલી<br>નવનીત નગર | 9820560405 | તોરણ, વરમાળા<br>ફક્ત હોલસેલ |
| ૭ | દીપ્તિ ભાવિન ગડા | કોડાય | કલવા | 9821843624 | કુર્તી, લેગિંગ, બેડશીટ<br>હેર ક્લીપ, પેન્ટ, અજરખ |
| ૮ | હેતવી હિતેશ ગોસર | ડુમરા | વિરાર (વે) | 7720012599 | પેકેજિંગ મટિરિયલ |
| ૯ | સોનલ મનીષ વીરા | બેરાજા | ડોંબિવલી | 9870217727 | બ્યૂટિ પાર્લર |
| ૧૦ | તરલા સુરેશ જાગાણી | માપાર | ડોંબિવલી | 9920450502 | મહેંદી ક્લાસીસ, મહેંદીના ઓર્ડર |
| ૧૧ | શીતલ શૈલેશ ગાલા | વડાલા | દહીંસર | 9892708683 | બ્યૂટિ પાર્લર |
| ૧૨ | સ્નેહા જશ્મીન નાગડા | ભોજાય | ડોંબિવલી | 9967230996<br>9004688116 | ટૉયસ ઍન્ડ સ્પોર્ટ્સ આઈટમ |
| ૧૩ | દક્ષા રાજેશ શાહ | મોટી ખાખર | ઘાટકોપર (વે) | 9869946969 | ટ્રાવેલિંગ બેડિંગ, કપડાના થેલા |
| ૧૪ | નીતા ઈલેશ વોરા | ગુંદાલા | સાંતાક્રુઝ | 9029219261 | લેડીસ ડીઝાઈનર ડ્રેસીસ |
| ૧૫ | ચાર્મી અનિલ વીછીવોરા | કોટડા રોહા | ડોંબિવલી | 9892509877 | હેરબેંડ, પીલો કવર |
| ૧૬ | દમયંતી નાનજી ગાલા | દેવપુર | ડોંબિવલી | 9322017107 | ઓનલાઈન ઑર્ગેનિક કોસ્મેટીક |
| ૧૭ | કોમલ દિનેશ ગોગરી | હાલાપુર | નવનીત નગર | 9173106552 | મોબાઈલ એસેસરીઝ |
| ૧૮ | રીટા રાકેશ ગંગર | કોડાય | ડોંબિવલી | 9322619499<br>9821766541 | બ્યૂટિ પાર્લર, ફેસિયલ,<br>હેયર ડાય, બ્લીચ, |

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ જુન, ૨૦૨૨ થી તા. ૩૦ જુન, ૨૦૨૨)**

**ચક્ષુદાન : 👁 દેહ/ત્વચાદાન : ✪ અવયવદાન : ✹**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| દેવચંદ રામજી લાલજી છેડા | ૭૯ | કાંડાગરા | હૈદરાબાદ 👁 |
| ખીમજી મેઘજી જેઠા ખીમસરિયા | ૯૨ | નાગ્રેચા | કાંદિવલી |
| મેહુલ રમણીક મેઘજી દેઢિયા | ૩૮ | પ્રાગપુર | બારોઈ |
| મહેશ ખીમજી જેઠા પાસડ | ૫૯ | ભોજાય | ડોંબિવલી ✪ |
| મધુબેન પૂનમચંદ મગનલાલ ગડા | ૬૮ | નાના ભાડિયા | અમદાવાદ 👁 |
| અમૃતલાલ નાનજી ગડા | ૭૭ | કોડાય | ડોંબિવલી |
| ખીમજી નરશી ગોસર ગાલા | ૮૬ | ફરાદી | પરેલ |
| અ.સૌ. ચંચળબેન ગુલાબચંદ લાલજી છેડા | ૮૦ | ડોણ | ચેમ્બુર |
| લક્ષ્મીબેન લખમશી લાલજી ફુરિયા | ૮૭ | મેરાઉ | ચેમ્બુર |
| જિગર પ્રવીણચંદ્ર હીરજી મોતા | ૪૯ | દુર્ગાપુર | વડોદરા |
| મગનલાલ મુરજી ઘેલા ગડા | ૬૮ | ભોજાય | વસઈ |
| નેમચંદ ભાણજી કરમશી ગડા | ૭૯ | રાયણ | તાડદેવ |
| જવેરબેન દામજી વેલજી છેડા | ૮૫ | રતાડિયા ગણેશ | ડોંબિવલી |
| સુશીલા ખેતશી પુનશી મારૂ | ૭૩ | પુનડી | વસઈ |
| વિમળાબેન આણંદજી તેજશી શાહ/મારૂ | ૮૨ | ડેપા | દાદર |
| તલકશી ખેતશી પ્રેમજી છેડા | ૭૯ | મોટા આસંબિયા | સાયન |
| વલ્લભજી દેવજી કરમશી ગાલા | ૮૬ | નવાવાસ | ડોંબિવલી |
| ઉમેદ કેશવજી હીરા સાવલા | ૭૧ | બાડા | મુલુંડ ✪ |
| જયાબેન પ્રેમજી પાસુ છેડા | ૮૫ | ગોધરા | પાર્લા (૨૫ઉ) |
| કસ્તૂરબેન પ્રવીણ લાલજી સંગોઈ | ૭૧ | પુનડી | પરેલ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| હેમલતાબેન (મા. મેઘબાઈ શિવજી ધારશી નાની ખાખરની પુત્રી) | ૮૩ | | ગોરેગામ |
| વિસનજી માડણ હરશી સાવલા | ૯૯ | મોટા આસંબિયા | મલાડ |
| નવીન કલ્યાણજી વેલજી પાસડ | ૬૭ | ભોજાય | ડોંબિવલી |
| અ.સૌ. જવેરબેન કાંતિલાલ નાનજી સતરા | ૬૯ | ગુંદાલા | કાંદિવલી |
| ધનજી લાલજી દેવરજી લાપસિયા | ૮૭ | નાના ભાડિયા | પરેલ |
| મા. સુંદરબેન શામજી ઘેલા મારૂ | ૮૯ | ડોણ | વલસાડ 👁 |
| નવીનચંદ્ર ધનજી વેલજી ગાલા | ૭૫ | કોટડા રોહા | ભાઈંદર |
| મા. હીરાવંતીબેન લક્ષ્મીચંદ તેજશી સાવલા | ૮૨ | નવાવાસ | માટુંગા |
| હિતેશ તારાચંદ નાનજી વિકમાણી | ૫૬ | કોટડા રોહા | સાંગલી |
| જયંત ખેતશી નાનજી રાંભિયા | ૬૫ | રામાણિયા | ડોંબિવલી |
| સુરેશ કાનજી હંસરાજ છેડા | ૭૧ | નાના આસંબિયા | પુના |
| રતનબેન ભવાનજી ખેરાજ છેડા | ૮૫ | નાંગલપુર | સાંતાક્રુઝ |
| શામજી જીવરાજ મારૂ | ૯૨ | કોટડા(રોહા) | ડોંબિવલી ✪ |
| ચંચળબેન હીરજી હંસરાજ સાવલા | ૯૩ | તુંબડી | કાંદિવલી (૩૦ ઉ) |
| રાજેશ મગનલાલ લખમશી દેઢિયા | ૪૮ | તલવાણા | માંડવી |
| માતુશ્રી જયાબેન મણિલાલ લખમશી શાહ/દેઢિયા | ૬૩ | ગુંદાલા | વાશી |
| લક્ષ્મીચંદ વીરજી નેણશી વીરા | ૮૧ | ભારાપર | કાંદિવલી |
| અ.સૌ. લતા ધીરજ કેસવજી દેઢિયા | ૬૮ | નાની ખાખર | નવી મુંબઈ |
| ભાનુબેન ગાંગજી આસુ સાવલા | ૭૨ | ભીંસરા | ભાયખલા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| લતાબેન લક્ષ્મીચંદ ધારશી શેઠિયા | ૮૨ | લાખાપુર | ચેમ્બુર |
| માતુશ્રી હર્ષાબેન હિતેન લક્ષ્મીચંદ સાવલા | ૭૦ | કોડાય | મુલુંડ(૪૭ ઉ) |
| અ.સૌ. દિવાળીબેન પોપટલાલ કુંવરજી વીરા | ૮૨ | નાંગલપુર | દહીંસર |
| મણિલાલ દેવશી હીરજી ધરોડ | ૯૦ | વડાલા | કાંદિવલી |
| રમેશ ગાંગજી પાલણ દેઢિયા | ૫૭ | ભોરારા | પુના |
| રાજેશ નાનજી પાસુ હરિયા | ૫૮ | ભારાપુર | ભાઈંદર |
| પાનબાઈ જેઠાલાલ વીરજી ગોગરી | ૮૬ | બિદડા | પરેલ |
| ચંદ્રકાંત મેઘજી દેવજી ગડા | ૭૦ | નાના ભાડિયા | ઘાટકોપર |
| મા. મણિબેન ચંદ્રકાંત રામજી નિસર | ૭૪ | વડાલા | જલગાંવ |
| સુંદરજી મુરજી ડાંઈયા સંગોઈ | ૭૭ | કપાયા | સાંતાક્રુઝ |
| મા. ચંચળબેન પ્રેમજી ભાણજી સાવલા | ૮૮ | રામાણિયા | ચેમ્બુર |
| કસ્તૂરબેન હસમુખ હીરજી વોરા | ૫૫ | નારાણપુર | અમદાવાદ |
| ડુંગરશી દેવજી માલશી વિસરિયા | ૮૯ | નવાવાસ | વિલે પાર્લે |
| અ.સૌ. ચંચળબેન માવજી ધારશી દેઢિયા | ૭૫ | ભુજપુર | નાલાસોપારા |
| નવીનચંદ્ર પ્રેમજી છેડા (રાજડાઈ) | ૮૦ | રાયણ | અંબરનાથ |
| નગીન પાલણ વેલજી છેડા | ૫૮ | નાંગલપુર | થાણા |
| મા. દેવકાંબેન જેઠાલાલ મેઘજી હરિયા | ૮૧ | શેરડી | મુલુંડ |
| ચંદનબેન નવીન દેવજી શાહ/ગંગર | ૮૪ | નવાવાસ | વરલી |
| ભરત હંસરાજ ભવાનજી વીરા | ૫૮ | દેશલપુર (કંઠી) | પારલા |
| બા.બ્ર. દેવકાંબેન શિવજી વજપાર સાવલા | ૮૫ | રતાડિયા ગણેશ | ભાઈંદર (૪ઉ) |
| રાજેશ ખીમજી વીરજી ગોસર | ૪૨ | સાભરાઈ | ઘાટકોપર |
| દેવાંબેન ખીમજી દેવજી હરિયા | ૮૫ | સાભરાઈ | કલવા |

**સુખી રહેવામાં બહુ ખર્ચો નથી,**
**પણ આપણે કેટલા સુખી છીએ,**
**એ લોકોને બતાવવા માટે**
**બહુ ખર્ચો કરવો પડે છે.**

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| માતુશ્રી કસ્તૂરબેન કુંવરજી જેઠા ગડા | ૯૬ | બાડા | વરલી |
| શ્રી પ્રેમજી વીજપાર તેજશી મારૂ | ૮૩ | તલવાણા | ઘાટકોપર |
| શેઠ શ્રી દામજી જીવરાજ ખીંયશી નાગડા | ૯૩ | વરંડી મોટી | હૈદરાબાદ (૨ઉ) |
| અ.સૌ.નિર્મળાબેન ગાંગજી વેલજી છેડા | ૭૪ | રતાડિયા ગણેશ | દાદર |
| અ.સૌ.પુષ્પાબેન નવીનચંદ્ર ચાંપશી છેડા | ૭૫ | મંજલ(હમલા) | મુલુંડ |
| તેજીબેન લખમશી હોથીભાઈ | ૮૪ | ભચાઉ | માટુંગા |
| પંકજ ચુનીલાલ નાગશી શાહ/દેઢિયા | ૬૯ | બિદડા | દાદર |
| કિશોર પ્રેમજી ખીમજી છેડા | ૭૭ | ગોધરા | વડાલા |
| ભારતી ધીરેન્દ્ર દેવજી છેડા | ૭૦ | નવીનાળ | બોરીવલી |
| મંજુલા અમૃતલાલ કેશવજી ગડા | ૬૫ | મોટી ઉનડોઠ | મુલુંડ |
| મા. ખેતબાઈ રતનશી ભાણજી સાવલા | ૭૯ | નાગ્રેચા | ઘાટકોપર |
| વેલબાઈ ભીમશી વીરજી સંગોઈ | ૮૫ | ભીંસરા | જોગેશ્વરી |
| લાલજી પાસુ પચાણ નાગડા | ૮૫ | સણોસરા | થાણા |
| જશવંતી દિનેશ મોરારજી દેઢિયા | ૬૬ | ભોરારા | ચેન્નાઈ |
| વિમળાબેન હરિલાલ પ્રેમજી નાગડા | ૬૫ | નરેડી | અંબરનાથ |
| હરશી ધારશી મુરજી દેઢિયા | ૮૬ | ભીસંરા | અંધેરી |
| જયંતીલાલ કોરશી શવરાજ દેઢિયા | ૬૭ | કોટડી (મહા.) | પાર્લા |
| મણિબેન જેઠાલાલ શિવજી સાવલા | ૯૦ | ગુંદાલા | કાંદિવલી |
| મેહુલ કાંતિલાલ જેઠુ નાગડા | ૪૭ | નરેડી | સાંતાક્રુઝ |
| લક્ષ્મીબેન જીવરાજ કેશવજી છેડા | ૯૫ | નાનાઆસંબિયા | ગોળપદેવ |
| લક્ષ્મીબેન ખીમજી મેઘજી શાહનંદ | ૭૭ | ડુમરા | બોરીવલી |
| ઝવેરબેન રવજી મુરજી છેડા | ૯૦ | દેઢિયા | મુલુંડ |
| અ.સૌ. પૂનમ દિનેશ નેમજી સંગોઈ | ૬૦ | ટોડા | ઘાટકોપર |
| અ.સૌ. પ્રેમીલાબેન રમેશ પુંજા ગાલા | ૬૬ | કોટડા રોહા | ચેમ્બુર (૧ ઉ) |
| ભાણજી શામજી પદમશી ધરોડ | ૭૮ | લુણી | જોગેશ્વરી |
| વિમળાબેન તલકશી વીરજી ગાલા | ૭૮ | દેશલપુર | ડોંબિવલી |
| જાદવજી વેલજી માલશી વોરા | ૭૬ | ગુંદાલા | બોરીવલી |

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



સંજીવની સ્વાસ્થ્ય યોજના



બુક બેંક




પગદંડી



સાંસ્કૃતિક કાર્યક્રમ



સમુહ લગ્ન







સ્ત્રી ઉત્કર્ષ લોન



શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ



રમતગમત



વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET



રહેઠાણ લોન



શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) AUGUST 2022 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022


# DIVERSE RANGE | UNMATCHED QUALITY

Industry Leading Technology, Driving Sustainable Growth.

**Trusted Products, Proven Expertise.**



**MOLDED INDUSTRIAL PACKAGING**



**HOSPITAL FURNITURE PARTS**



**AUTOMOTIVE COMPONENTS**



**INFRASTRUCTURAL FURNITURE PARTS**

## WELFARE ACTIVITIES:

- Reusable and Recyclable Products
- Rain Water Harvesting Systems
- Constant Quest To Find New Ways To Be More Efficient And Green
- 100% Virgin Material
- Employee Welfare Practices, Understanding Their Personal Matter And Hand-holding Them During Times Of Need
- Empowering Physically Challenged Women

Mitsu
You visualise...we mold

**Mitsu Chem Plast Ltd.**
Blow Moulding | Injection Moulding | Custom Moulding

+91 22 25920055 | sales@mitsuchem.com | www.mitsuchem.com
329, Gala Complex, Din Dayal Upadhyay Marg, Mulund (W), Mumbai - 400 080., Maharashtra, India.